**આજનો સુવિચાર**

દરેક કામમાં જોખમ હોય છે, પરંતુ કશું નહિ કરવામાં મોટું જોખમ હોય છે!

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૮ અંક : ૨૨૪ જૂનાગઢ તા.૦૪-૦૯-૨૦૨૪ બુધવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 48 Volume : 224, Junagadh : Date : 04 September, 2024, Wednesday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay

## દિવાળી બાદ સમગ્ર રાજયમાં સ્થાનીક સ્વરાજયની ચૂંટણી યોજાશે : ૨૭ ટકા ઓબીસી અનામતનું જાહેરનામુ પ્રસિધ્ધ

ગાંધીનગર તા.૪

ગુજરાતમાં હાલ ચોમાસુ જામ્યુ છે અને ઓકટોબરના પ્રથમ સપ્તાહ સુધી વરસાદી માહોલ રહેશે. જોકે હવામાન નિષ્ણાંતો છેક દિવાળી સુધી ચોમાસુ વાતાવરણ રહે તેવી શકયતા છે. તો બીજી તરફ રાજયમાં ચૂંટણીનો માહોલ પણ ધીમે ધીમે જામવા લાગશે તેવા સંકેત છે.

આગામી બે માસમાં રાજયમાં ૮૦ નગરપાલિકાઓ, ખેડા અને બનાસકાંઠા જિલ્લા પંચાયત, ૧૭ તાલુકા પંચાયત અને ૫૩૯ ગ્રામ પંચાયત સહિત ૪૭૬૫ પંચાયત ચૂંટણીઓ આવી રહી છે. આ ઉપરાંત જુનાગઢમાં પણ મહાનગરપાલિકાની મુદત પણ જે જુલાઈમાં પૂર્ણ થઈ ગઈ છે.અહીં સ્થાનિક ચૂંટણી પણ દિવાળી પછી યોજાઈ તેવી શકયતા છે.

ચૂંટણી પંચમાં આઈએસ અધિકારી ડો.મુરલી ક્રિષ્નાને નિયુકિતનું નોટીફીકેશન બહાર પડતા જ સર્વપ્રથમ કામ રાજયમાં સ્થાનિક સ્વરાજની સંસ્થાઓમાં ખાસ કરીને જયાં ૨૭ ટકા ઓબીસી અનામતની જોગવાઈ લાગુ કરવાની છે. તેથી નગરપાલિકાઓની વોર્ડ રચના પણ ફરશે તે નિશ્ચિત છે. જેની કવાયત પણ ટુંક સમય ચાલુ થશે અને ઓકટોબરના અંત સુધીમાં પુરૂ થશે. ઝવેરી કમીશનના આધારે થયેલા ફેરફારના અંગે હાઈકોર્ટમાં રીટ દાખલ થઈ છે. પરંતુ તેમાં કોઈ તાત્કાલીક સુનાવણીની શકયતા નહીંવત છે અને રાજય સરકારે તેથી જ ૨૭ ટકા ઓબીસી અનામત મુજબ વોર્ડ રચના અને અનામત બેઠકો અંગેનું નોટીફીકેશન ઈસ્યુ કર્યુ છે. જેના કારણે ભવિષ્યમાં મહાનગરપાલિકાઓમાં ઓબીસી અનામત ૨૭ ટકા જેટલી થશે. જોકે આ ચૂંટણીઓ ઓકટોબરના અંત બાદ અને ખાસ કરીને દિવાળીના તહેવારનો માહોલ પુરો થાય તે પછી યોજાશે તે નિશ્ચિત છે.

## ૨૦ મેડલ જીતવાની સાથે પેરાલિમ્પિકસમાં ભારતનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન

પેરિસ તા. ૪

પેરાલિમ્પિકમાં ભારતે ૨૦ મેડલ જીતવાની સાથે પેરા ગેમ્સના ઈતિહાસમાં ભારતનું આ સર્વશ્રેષ્ઠ પ્રદર્શન છે. ભારતીય ખેલાડીઓએ મંગળવારે છઠ્ઠા દિવસે પાંચ મેડલ જીત્યા હતા. દરેક મેડલ એથ્લેટિક્સમાં આવ્યા. દીપ્તિ જીવનજીએ પ્રથમ વખત મહિલાઓની ૪૦૦ મીટરમાં બ્રોન્ઝ જીત્યો હતો. ત્યારબાદ પુરુષોની **F-46** કેટેગરીની ભાલા ફેંક સ્પર્ધામાં અજીત સિંહે સિલ્વર મેડલ અને સુંદર સિંહ ગુર્જરે બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. પુરુષોની-૪૨ કેટેગરીની ઊંચી કૂદ સ્પર્ધામાં શરદ કુમારે સિલ્વર મેડલ અને મરિયપ્પન થંગાવેલુએ બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. ભારતના શૈલેષ કુમાર ઉંચી કૂદમાં ચોથા સ્થાને જ્યારે રિંકુ ભાલા ફેંકમાં પાંચમા સ્થાને રહ્યો હતો. ભારતે અત્યાર સુધીમાં ૩ ગોલ્ડ, ૭ સિલ્વર અને ૧૦ બ્રોન્ઝ મેડલ જીત્યા છે. ભારત અત્યારે ૨૦ મેડલ જીતીને ૧૭મા નંબર પર છે.

## બિહારનાં રાજકારણમાં નવાજુની થશે ? નિતિશ - તેજસ્વી વચ્ચે બંધ બારણે બેઠક યોજાઈ : કેન્દ્રનું ટેન્શન વધ્યું



પટના, તા. ૪

દેશમાં સત્તા પલ્ટા માટે જાણીતા બનેલા બિહારમાં ફરી એકવખત રાજકીય ગતિવિધિ ચાલુ થતા જ સસ્પેન્સ વધ્યું છે. ભાજપ અને આરજેડી સાથે વારાફરતી સત્તા ભોગવનાર રાજયના મુખ્યમંત્રી નીતિશકુમાર અને આરજેડીના વડા તેજસ્વી યાદવની મુલાકાતથી રાજયમાં શું જનતા દળ(યુ) અને આરજેડી ફરી સાથે આવશે તે અંગે પણ ચર્ચા જાગી છે.

જોકે હાલમાં જ મુખ્યમંત્રી નીતિશકુમાર અને વિપક્ષના નેતા તેજસ્વી યાદવ વચ્ચે મળેલી બેઠક અંગે બહાર આવતી વિગત મુજબ રાજયમાં નવા માહિતી કમિશ્નરની નિયુકિતમાં વિપક્ષના નેતાની હાજરી જરૂરી હોવાથી આ બેઠક મળી હતી અને તેમાં નામોની સંભવિત ચર્ચા થઈ છે.

જોકે જે રીતે નીતિશકુમારે રાજદના વડા તેજસ્વી યાદવ સાથે ઉષ્માભરી બેઠક કરી તેથી ભાજપના ભવા ઉંચકાયા છે. એક તરફ તેજસ્વી અને નીતિશની બેઠક અને બીજી તરફ લાલુપ્રસાદ યાદવે પણ પક્ષના ધારાસભ્યની બેઠક બોલાવી હતી તેમાં વિધાન પરિષદના સભ્યો અને ચૂંટણી હારેલા સાંસદો અને ધારાસભ્યોને પણ બોલાવ્યા હતા.

આમ લાલુપ્રસાદની આ બેઠક અંગે પણ કયાસ કાઢવા પ્રયત્ન થઈ રહ્યો છે. હાલમાં જે રીતે જનતા દળ(યુ)માં પક્ષના નેતાની જવાબદારી બદલાઈ અને ખાસ કરીને ભાજપની નજીક રહેલા નેતાઓ પાસેથી પ્રવકતા સહિતના પદો આંચકી લેવાયા તે પછી ભાજપ અને નીતિશકુમાર વચ્ચેનું અંતર વધી રહ્યું હોય તેવું માનવામાં આવે છે.

ખાસ કરીને બિહારને ખાસ રાજયનો દરજજો આપવાની માંગણી મોદી સરકારે નકારી છે અને નીતિ આયોગની બેઠકમાં નીતિશકુમારના બદલે તેની કેબીનેટના ભાજપના બે નાયબ મુખ્યમંત્રીઓ હાજર રહ્યા હતા. ચર્ચા એવી છે કે, જાતિ જનગણનાના મુદે નીતિશ અને તેજસ્વી યાદવ એક સાથે છે અને કેન્દ્રીય મંત્રી ચિરાગ પાસવાને પણ તે માટે એનડીએ સ્પષ્ટ સૂર કાઢયો છે આમ બિહારમાં પ્રાદેશિક પક્ષ આગળ એકલો પડી જાય તેવી શકયતા છે. આ તમામ ગતિવિધિઓ વચ્ચે પણ ભાજપે તેના બિહારના ધારાસભ્યો અને સાંસદોની બેઠક યોજી હતી અને તેમાં શાસનની પરિસ્થિતિની સમીક્ષા કરી ચર્ચા કરવામાં આવી હતી.

## વૈશ્વિક બજારો તૂટવાને પગલે મુંબઈ શેરબજારમાં ૫૦૦ પોઈન્ટ કડાકો



મુંબઈ તા. ૪

ગ્લોબલ માર્કેટમાં મંદીના ભણકારા વચ્ચે ભારતીય શેરબજારોમાં તિવ્ર ઘટાડો જોવાયો હતો સેન્સેક્સ અને નિફટી ખુલતા જ ધોવાઈ ગયા છે,અમેરિકન બજારોમાં મંદીના આશંકા વચ્ચે ભારતીય શેર માર્કેટમાં કડાકો બોલ્યો હતો. સેન્સેક્સમાં ૫૦૦ આંક અને નિફ્ટીમાં ૧૮૫ આંકનો મોટો ઘટાડો નોંધાયો હતો.

સેન્સેક્સ ૫૦૦થી વધુ આંકના ઘટાડા સાથે ૮૨,૦૦૦ પર કારોબાર કરી રહ્યો છે. નિફટી ૨૦૦ પોઈન્ટના ઘટાડો સાથે ૨૫,૧૦૦ પર કારોબાર કરી રહ્યો છે. ૧૬૦૫ શેર લાલ નિશાનમાં જોવા મળ્યા હતા. જ્યારે ૮૭૯ શેરમાં તેજી જોવા મળી હતી. સેન્સેક્સના ૩૦માંથી ૨૮ શેરમાં ઘટાડો છે. જ્યારે નિફ્ટીના ૫૦ના ૪૬ શેર ઘટાડા સાથે કારોબાર કરી રહ્યા છે.

**Infy** શેર ૧.૬૯ ટકા, **M&M** શેર ૧.૪૦ ટકા, ટેક મહિન્દ્રા ૧.૩૦ ટકા, **TCS** શેર ૧.૨૫ ટકા અને **LT** શેર ૧.૨૩ ટકાના ઘટાડા સાથે ટ્રેડ થઈ રહ્યા હતા. મુકેશ અંબાણીની કંપની રિલાયન્સના શેરમાં આંશિક ઘટાડો થયો હતો, ત્યારે ટાટા ગ્રુપની ઘણી કંપનીઓના શેર ૦.૫૦ ટકા, ટાટા સ્ટીલના શેર ૦.૬૨ ટકા, ટાઈટનના શેર ૦.૮૬ ટકા ઘટાડા સાથે કારોબાર કરી રહ્યા હતા.

એશિયન માર્કેટમાં આજે મોટો ઘટાડો નોંધાયો છે. જાપાનનો નિક્કી ઈન્ડેક્સ ૩.૩૧ ટકા નીચે છે. હોંગકોંગનો હેંગસેંગ ૦.૯૦ ટકા અને ચીનનો શાંઘાઈ ૦.૪૦ ઘટાડા સાથે કારોબાર કરી રહ્યો છે.

## વિદેશી રોકાણકારો માટે ગુજરાત હોટ ફેવરીટ : રોકાણમાં ૪૨ ટકાનો વધારો

અમદાવાદ,તા.૪

ભારતમાં વિદેશી રોકાણમાં ગુજરાત વધુ એક વખત વિદેશી ઈન્વેસ્ટરોનું ફેવરીટ સ્થાન બન્યુ છે. નાણાંકીય વર્ષ ૨૦૨૫ના પ્રથમ ત્રિમાસીક ગાળામાં ગુજરાતમાં રૂા.૮૫૦૮ કરોડનું વિદેશી રોકાણ ઠલવાયું છે જે ૪૨ ટકાનો વધારો સુચવે છે. ડીપાર્ટમેન્ટ ફોર પ્રમોશન આંક ઈન્ડસ્ટ્રીઝ એન્ડ ઈન્ટરનલ ટ્રેડ (ડીપીઈઆઈટી)નાં રીપોર્ટમાં દર્શાવાયા પ્રમાણે વાર્ષિક ધોરણે ગુજરાતમાં વિદેશી રોકાણ ૪૨ ટકા વધ્યુ છે. ૨૦૨૪ ના એપ્રિલથી જુનમાં રાજયમાં ૫૯૯૩ કરોડનું વિદેશી રોકાણ આવ્યુ હતું.

જોકે, કુલ વિદેશી રોકાણમાં ગુજરાત પાંચમા ક્રમે ધકેલાયું છે. સૌથી વધુ રૂા. ૭૦૭૯૬ કરોડનું વિદેશી મૂડી રોકાણ મહારાષ્ટ્રને મળ્યુ છે. કર્ણાટકને ૧૯૦૫૯ કરોડ, દિલ્હીને ૧૦૭૮૮ કરોડ તથા તેલંગાણાને ૯૦૨૩ કરોડનું વિદેશી રોકાણ મળ્યુ છે. ગુજરાતમાં ઓકટોબર ૨૦૧૯ થી અત્યાર સુધીનું કુલ વિદેશી રોકાણ ૩.૦૮ લાખ કરોડ થવા જાય છે અને સમગ્ર દેશમાં ત્રીજા નંબરે છે. સૌથી વધુ ૬.૦૩ લાખ કરોડ મહારાષ્ટ્રમાં તથા ૪.૦૮ લાખ કરોડ કર્ણાટકમાં ઠલવાયું છે. ૩૦ જુન ૨૦૨૩ થી ૩૦ જુન ૨૦૨૪ ના એક વર્ષનાં સમયગાળામાં ગુજરાતમાં ઠલવાયેલા વિદેશી રોકાણમાં ૨૫ ટકાનો વધારો થયો છે. જયારે છેલ્લા બે વર્ષમાં ૩૫ ટકાનો વધારો સુચવાય છે. ઉદ્યોગ ક્ષેત્રનાં નિષ્ણાંતોનાં કહેવા પ્રમાણે ઉદ્યોગલક્ષી નિતિ, સારા ઈન્ફ્રાસ્ટ્રકચર, કલસ્ટર, આધારીત વિકાસ તથા બંદરોની કનેકટીવીટી જેવા કારણોથી વિદેશી ઈન્વેસ્ટરોમાં ગુજરાતનું આકર્ષક છે.

## સોનાના ભાવ ભડકે બળશે : ટુંક સમયમાં રૂા.૭૬ હજાર થઈ જશે

નવી દિલ્હી તા. ૪ : બ્રોકરેજ કંપનીઓ સોનામાં તેજી ધરાવે છે. અમેરિકન ઈન્વેસ્ટમેન્ટ બેંક ગોલ્ડમેન સેશનું કહેવું છે કે નજીકના ભવિષ્યમાં સોનાની કિંમતમાં મોટો ઉછાળો આવી શકે છે. ગોલ્ડમેનના વિશ્લેષકોએ 'ગો ફોર ગોલ્ડ' શીર્ષક સાથેની નોંધમાં જણાવ્યું હતું કે યુએસ ફેડરલ રિઝર્વ ટૂંક સમયમાં વ્યાજદરમાં ઘટાડો કરી શકે છે. તે સાથે વિદેશી રોકાણકારો ફરીથી ગોલ્ડ માર્કેટમાં પ્રવેશ કરવા માટે તૈયાર છે. આ વર્ષે આંતરરાષ્ટ્રીય બજારમાં હાજર સોનાના ભાવમાં અત્યાર સુધીમાં ૨૧ ટકાનો વધારો થયો છે.

તે જ સમયે, સ્થાનિક બ્રોકરેજ ફર્મ મોતીલાલ ઓસ્વાલ ફાઈનાન્શિયલ સર્વિસે તેના અહેવાલમાં જણાવ્યું હતું કે ભારતમાં ૨૪ કેરેટ સોનાનો ૧૦ ગ્રામ રૂ. ૭૬,૦૦૦ સુધી પહોંચી શકે છે, જે હાલમાં **MCX** પર રૂા.૭૧,૦૦૦ની આસપાસ ટ્રેડ થઈ રહ્યો છે. બ્રોકરેજ ફર્મે જણાવ્યું કે **MCX** પર સોનાનો ટેકો રૂા. ૬૯,૫૦૦ છે. આવી સથિતિમાં, જયારે પણ સોનાના ભાવમાં ઘટાડો થાય છે, ત્યારે રોકાણકારોએ ઘટાડાની સાથે ખરીદી કરવી જોઈએ.

## આ વખતે ચોમાસુ ઓકટોબર સુધી લંબાશે ત્યારબાદ કાતિલ ઠંડીનો દોર આવશે

નવી દિલ્હી,તા.૪

ગુજરાત સહીત દેશના અનેક રાજયોમાં મેઘરાજા તાંડવની સ્થિતિ સર્જાઈ છે ત્યારે ભારે વરસાદ બાદ શિયાળામાં ઠંડી પણ જોરદાર પડી શકે છે. હવામાન નિષ્ણાંતોના કહેવા પ્રમાણે મધ્ય સપ્ટેમ્બરથી લા-નીના સીસ્ટમ એકટીવ થઈ શકે છે અને તેને કારણે ચોમાસું ઓકટોબર સુધી લંબાઈ શકે છે. ભરપુર ચોમાસા બાદ દેશભરમાં ઠંડી પણ હાડ થીજાવનારી હશે.ચાલુ વર્ષે ઉનાળો આકરો રહ્યો હતો ચોમાસુ ભરપુર બન્યુ છે અને હવે શિયાળો પણ કાતિલ બની રહેશે. ભારતીય હવામાન વિભાગના કહેવા પ્રમાણે સપ્ટેમ્બરમાં જ લા-નીના સક્રિય થઈ જવાની પુરી સંભાવના છે. તેની અસર હેઠળ મધ્ય ડીસેમ્બરથી જાન્યુઆરી સુધી કાતિલ ઠંડી પડી શકે છે. લા-નીનાના પ્રભાવ હેઠળ સામાન્ય રીતે તાપમાનમાં ઘટાડો થતો હોય છે. ચાલૂ વર્ષે ચોમાસાની વિદાય બાદ પણ ૧૫ ઓકટોબર આસપાસ રહી શકે છે. આ વખતે ચોમાસુ અસામાન્ય રહ્યુ જ છે.

જુલાઈ-ઓગસ્ટમાં ભરપુર વરસ્યો હતો. આ દરમ્યાન વરસાદથી પરંપરાગત પેટર્નમાં ફેરફાર જોવા મળ્યો હતો અતિભારે વરસાદના નવા હોટસ્પોટ માલુમ પડયા હતા તે સમજવાનું મુશ્કેલ છે. અત્રે ઉલ્લેખનીય છે કે, છેલ્લા ૧૦ દિવસ દરમ્યાન ગુજરાત, આંધ્રપ્રદેશ, તેલંગાણામાં જળપ્રલયની સ્થિતિ સર્જાઈ હતી અને ભારે તારાજી સર્જાઈ હતી.આ પૂર્વે કેરળમાં ભારે વરસાદ વચ્ચે ભયાનક ભૂસ્ખલન થયુ હતું. હિમાચલ ઉતરાખંડ, મહારાષ્ટ્ર સહીતના રાજયો ધમરોળાયા હતા.

## હાય રે.. બેકારી : હરીયાણામાં સ્વીપરની જગ્યા માટે ૪૬ હજાર સ્નાતક અને અનુસ્નાતક વિદ્યાર્થીઓએ અરજી કરી

ચંદીગઢ, તા.૪: દેશભરમાં બેરોજગારી કેટલી બિહામણી છે તેનું નવીનતમ ઉદાહરણ હરીયાણાની સફાઈ કામદારોની ભરતીમાં જોવા મળ્યું છે. હરિયાણા સકિલ એમ્પ્લોયમેન્ટ કોર્પોરેશનમાં માત્ર રૂ.૧૫ હજારના પગાર સાથે કરાર આધારિત સફાઈ કામદારની જગ્યાઓ માટે ૪૬,૦૦૦ થી વધુ સ્નાતક અને અનુસ્નાતક વિદ્યાર્થીઓએ અરજી કરી છે.

## સેબીનાં અધ્યક્ષ માધવી બુચની મુશ્કેલી વધી : અધિકારીઓએ જ બળવો કર્યો

મુંબઈ, તા. ૪

દેશની શેરબજાર સહિતની નાણાંકીય સંસ્થાઓમાં મોનીટરીંગ કરી રહેલી સિકયોરીટી એકસચેંજ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી) પોતે જ વિવાદમાં ફસાઈ છે અને તેના વર્તમાન ચેરમેન માધબી પૂરી બુચ સામે હિડનબર્ગનો તોપમારો શમ્યો ન હતો ત્યાં જ તેઓએ સેબીમાં પૂર્ણ સમયના ડિરેકટરના ગાળા સમયે પણ આઈસીઆઈસીઆઈ ગ્રુપમાંથી પગાર અને શેરના લાભો મેળવ્યા હતા તેવા કોંગ્રેસના આક્ષેપમાં ફસાયા છે. માધવી બુચ સામે હવે ઝી ગ્રુપ પણ મેદાનમાં આવ્યું છે તે સમયે માધવી પૂરી બુચ સામે પણ સેબીમાં પણ જબરો આક્રોશ હોવાનું બહાર આવ્યું છે.

**જૂનાગઢ ઓફીસ માટે સેલ્સ ગર્લ્સ જોઈએ છે**

ધો.૧૨ પાસ બેઝીક અંગ્રેજી આવડતું હોવું જોઈએ

(ઉ. ૨૨ થી ૩૨)

જૂનાગઢ : 63549 69729

**સોપારીનું કટીંગ રીટેઈલમાં મળશે**

અમારી સ્પેશ્યલ જુની મોરો સોપારીનું કટીંગ ફકત ૨૫૦ ગ્રામ લઈ અને ખાત્રી કરો તમે જ કહેશો કે વાહ ભઈ વાહ

મોરો સોપારી કટીંગ ૧ કિલોના ફકત રૂા.૬૦૦

આ રીટેઈલ માટે છે

જૂનાગઢ

મો. ૯૩૭૬૬૦ ૫૫૬૨

● હરકયુલિસ સાયકલ ● કોરાડો સાયકલ
● હીરો સાયકલ ● બ્રિટીશ ઈગલ સાયકલ
● બીએસએ સાયકલ ● ફન રાઈડ ટ્રાસીકલ
● વિકટર ૯૧ સાયકલ ● દાસ સાયકલ
● હિલી સાયકલ

તેમજ દરેક કંપનીની સાયકલ બેબી ટ્રાયસીકલ, બેબી વોકર, ફેન્સી મોડેલમાં સ્પોર્ટસ સાયકલ ઉપલબ્ધ

**ગેલેકસી**

ઓટો એન્ડ સાયકલ એજન્સી

માંગનાથ રોડ, જૂનાગઢ(ગુજરાત)

મો.૯૯૦૪૦ ૩૪૨૦૮

**ઈન્ટરનેશનલ ગોલ્ડ સ્ટાર એવોર્ડ વિજેતા**

**જોષી દાદા** મો. ૯૯૧૩૫ ૧૧૭૩૭ ૯૪૨૮૦ ૨૬૯૬૮

**નક્ષત્ર – જયોતિષ**

શું તમારૂ સગપણ થતું નથી ?
શું તમારો ધંધો મંદો ચાલે છે ?
શું તમારા ઘરમાં કલેશ અને અશાંતિ રહે છે ?
શું તમો વારંવાર બિમાર પડો છો ?

આ બધી સમસ્યાઓનું એકજ જગ્યાએ સચોટ નિવારણ

આદિ ગુરૂ જગત ગુરૂ શંકરાચાર્ય રચિત સૌદર્ય લહેરી આધારીત દરેક પ્રયોગ દ્વારા યંત્રથી અને અનુષ્ઠાનથી દરેક વિધી વિધાન કાર્ય કરવામાં આવશે.

કૈલાશ એપાર્ટમેન્ટ, દુકાન નં. ૮, તળાવ દરવાજા, શાકમાર્કેટ, જૂનાગઢ

ફોન કરીને અવશ્ય આવવું

Since 1983

શંખ બ્રાન્ડ મસાલા

ગાયત્રી મસાલા

મો. ૯૪૨૨૬ ૨૩૦૨૩

● મરચું
● હળદર
● ધાણાજીરૂ
● ગરમ મસાલો



**તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત**

(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)

**ડૉ. ધવલ સંઘવી**

બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune

સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર

એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩

ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો



તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત

વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક

દરેક જગ્યાએ ઉપલબ્ધ

કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ

સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી

અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

**ડો. રશ્મિ પી. બાલચંદાણી** B.A.M.S.

Mo. 74859 53500

મંગળ-બુધ-ગુરૂવારે : સવારે ૧૦થી ૧૨-૩૦
શુક્ર-શનિ-સોમવારે : સવારે ૧૦થી ૧૨-૩૦ ● સાંજે ૫ થી ૭-૦૦

ઘુંટણના, વા ના, સાંધાના તમામ દુઃખાવા અને પાચનની તકલીફ – પિત (એસેડીટી) કબજીયાત, ગેસની તકલીફો ચામડીના રોગો, પંચકર્મ દ્વારા સારવાર

ભગંદર, હરસ-મસા, ફિશર સ્ત્રી રોગ અને ઈનફર્ટીલીટી સારવાર

આયુર્વેદ-પંચકર્મ દ્વારા નવા-જૂના રોગોની સારવાર

અગ્નિકર્મ-ક્ષારસુત્ર-ગર્ભસંસ્કાર બાળકો માટે સુવર્ણપ્રાશન વ્યસનમુક્તિ સારવાર

**ડો. શ્રેયસ જી. ભાલોડિયા**

M.S. (Ayurved) Shalya

જુનાગઢ : શુક્રવાર તથા શનિવારે
રાજકોટ : સોમવાર થી ગુરૂવાર
ફકત એપોઈન્ટમેન્ટ થી મળશે.

રાજકોટ માટે ફોન પર એપોઈન્ટમેન્ટ લેવી

ૐ આયુર્વેદ હોસ્પિટલ

પ્લેટીનમ-૨, ત્રીજો માળ, યસ બેંક ઉપર, એસ.ટી. કોલોની સામે, કોલેજ રોડ, મોતીબાગ, જૂનાગઢ. ફોન : (૦૨૮૫) ૨૬૭૪૪૨૨ મો. ૭૮૭૮૧ ૫૧૨૧૫

Aum Ayurved Hospital e_mail : aum.ayurved.hospital@gmail.com

C M Y K

# શહેરી વિકાસ મંત્રાલયનું શીર્ષાસન : ૩૦મી સપ્ટેમ્બર સુધી દ્વારકા તથા ઓખા નગરપાલીકાને બાંધકામ મંજૂરીની સત્તા પુનઃ સોંપાઈ DOUDAની રચનામાં વિલંબથી અટવાયેલા વિકાસકાર્યો

(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા તા.૪

આશરે છ માસ પહેલાં રાજ્ય સરકાર દ્વારા દ્વારકા અને ઓખાના વિકાસકાર્યોને વેગવંતા બનાવવાના આશય સાથે દ્વારકા ઓખા અર્બન ડેવલોપમેન્ટ ઓથોરીટીની રચનાની જાહેરાત કરાયેલ. જેને હાલ સુધી કાર્યરત ન કરી શકાતા અને સરકારની જાહેરાત બાદ દ્વારકા અને ઓખા નગરપાલીકા પાસેથી કોઈપણ પ્રકારના રહેણાંક કે કોમર્શીયલ બાંધકામને મંજૂરી આપવાની સત્તા છીનવાઈ જતાં આ બંને નગરપાલીકા વિસ્તારમાં વિકાસકાર્યો અટકી જતાં અરજદારો મુશ્કેલીમાં મૂકાયા હતા. આ અંગે જુલાઈ માસમાં ખંભાળીયા કલેક્ટર કચેરી ખાતે દેવભૂમિ દ્વારકા જિલ્લા પ્રભારી મંત્રી કુંવરજી બાવળીયાની અધ્યક્ષતામાં તેમજ કેબીનેટ મંત્રી મુળુભાઈ બેરા, જિલ્લા કલેક્ટર જી.ટી.પંડયા સહિત અધિકારીગણની ઉપસ્થિતિમાં યોજાયેલ સંકલન મીટીંગમાં બંને નગરપાલીકા વિસ્તારના લોકોને પડતી સમસ્યા અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવેલ. બાદમાં આ અંગે કલેક્ટર જી.ટી.પંડયા દ્વારા રાજય સરકારને વિકાસના પરવાના ઈશ્યુ કરવાની સત્તા દ્વારકા તથા ઓખા નગરપાલીકાને પુનઃ આપવા રજૂઆત કરેલ. આ પ્રશ્ન રાજયના શહેરી વિકાસ મંત્રાલય વિભાગ દ્વારા આગામી ૩૦-૦૯-૨૦૨૪ સુધી ઓખા અને દ્વારકા નગરપાલીકા હસ્તકના વિકાસના પરવાના અંગે આવેલ અરજીઓ તેમજ આગામી ૩૦મી સુધી વિકાસકાર્યો માટે જે કોઈ અરજી આવે તેને અગાઉની જેમ જ નગરપાલીકા કક્ષાએથી મંજૂરી આપવા માટેની સૂચના આપવામાં આવી છે.

આ સમાચારથી દ્વારકા અને ઓખા નગરપાલીકા વિસ્તારમાં બાંધકામ ઈચ્છુક નાના અને મધ્યમવર્ગના શહેરીજનો તેમજ ધંધાકીય એકમ શરૂ કરવા માંગતા બીઝનેસમેનોમાં આનંદની લાગણી વ્યાપી છે. આ સાથે છેલ્લાં છ માસ દરમ્યાન મંજૂરીને અભાવે અટકેલા બાંધકામોને મંજૂરી મળ્યે પુનઃ વિકાસકાર્યોને વેગ મળશે.

**દ્વારકા ઓખા અર્બન ડેવલોપમેન્ટ ઓથોરીટીની રચના કાગળ ઉપર રહી જતાં નવા નિર્માણો અટવાયા !**

ફેબ્રુઆરી માસમાં સુદર્શન સેતુના લોકાર્પણ હેતુ પ્રધાનમંત્રી મોદીની દ્વારકા બેટ દ્વારકાની મુલાકાતના આશરે દસેક દિવસ બાદ માર્ચ માસમાં ગુજરાત સરકાર દ્વારા દ્વારકા તથા ઓખા નગરપાલીકાને વિસ્તાર વિકાસ સત્તામંડળ તરીકેનો દરજજો છીનવી લઈ દ્વારકા ઓખા શહેરી વિકાસ સત્તામંડળની રચના કર્યાના આશરે છ માસના સમયગાળા બાદ પણ DOUDA માત્ર કાગળ ઉપર જ રહી જતાં ઓખા તથા દ્વારકા નગરપાલીકા સહિતના વિસ્તારોમાં બાંધકામ પરવાનગી અટકી જતાં અનેક નવા નિર્માણો અટકી ગયા હતા. આશરે છ માસથી દ્વારકા તેમજ ઓખા નગરપાલીકા પાસેથી દરજ્જો છિનવાઈ જતાં નવા ઘર, દુકાનો તથા અન્ય કોમર્શીયલ બાંધકામોની પરવાનગી માંગતી અરજીઓ અંગે નગરપાલીકાના અધિકારીઓએ આ માટે મંજૂરી આપવાની સત્તા તેઓને ન હોવાનું જણાવી ના પાડી દીધી હતી અને આવી મંજૂરી આપવા માટેની જવાબદાર સત્તા તરીકે દ્વારકા ઓખા અર્બન ડેવલોપમેન્ટ ઓથોરીટી(DOUDA)ની કામગીરી શરૂ કરવાની હજુ બાકી હોવાનું સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

**બાંધકામ મંજૂરી માટે લોકોને ધરમધક્કા**

ગત માર્ચ માસમાં જ રાજ્ય સરકારે દ્વારકા તેમજ ઓખા નગરપાલીકાઓનો એરીયા ડેવલોપમેન્ટ ઓથોરીટીઝ (ADA) તરીકેનો દરજ્જો છીનવી લીધેલ અને પ્રવાસન સબંધિત ઈન્ફ્રાસ્ટ્રકચરને આગળ વધારવા DOUDAની નિમણુંક કરવાની જાહેરાત કરેલ, પરંતુ DOUDAની કાગમીરી કાગળ ઉપર જ રહી ગયેલ હોય કોમર્શીયલ તથા રેસીડેન્શીયલ પ્રોજેકટસ માટેની અરજીઓ ઉપર ધ્યાન આપવામાં આવતું ન હોય જેના કારણે બંને નગરપાલીકાઓ હસ્તકના દ્વારકા - બેટ દ્વારકા સહિતના શહેરી વિસ્તારોમાં પ્રવાસીઓનો ઘસારો સતત વધતો જતો હોવા છતાં પણ ઈન્ફ્રાસ્ટ્રકચરલ વિકાસ જાણે અટકી ગયો હતો તો બીજી તરફ લોન આધારિત બાંધકામ માટે જરૂરી એવા નગરપાલીકાની બાંધકામની મંજૂરી અટકી જતાં અને બંને નગરપાલીકા હસ્તકના વિસ્તારોમાં નવા બાંધકામોની મંજૂરી મળવી શક્ય ન બનતા અનેક બાંધકામ ઈચ્છુક લોકોને આશરે છ મારાથી નગરપાલીકા તથા બેન્કના ધરમધકડા થઈ રહ્યા હતા.

**લોકો પાસે કોઈ વિકલ્પ જ નહોતો**

એક તરફ બંને નગરપાલીકાઓએ સત્તાના અભાવે લોકોના વિકાસલક્ષી કામોની મંજૂરી બંધ કરી દેવામાં આવી છે

તો બીજી તરફ સરકારની ઓનલાઈન ડેવલોપમેન્ટ પરમીયાન સીસ્ટમ(ODPS) ઉપર પણ આવી અરજીઓ ઓનલાઈન સ્વીકારવામાં આવતી ન હોય બંને નગરપાલીકા વિસ્તારમાં લોકો મંજૂરી માટે અહીંથી ત્યાં ભટકી રહ્યા હોવાનું અને લોકો પાસે કોઈ વિકલ્પ જ ન હોવાનું સ્થાનીય અગ્રણીએ જણાવ્યું છે. તો અન્ય એક અગ્રણી કહેલ કે લોકોને વિકાસ પરવાનગી માટે કયાંય જવાનું ન હોય જેના કારણે ઘણા બધા અનધિકૃત બાંધકામો પણ થઈ રહ્યા હતા.

# દીવ ખાતે નશામુક્ત ભારત અભિયાન અંતર્ગત વોલિએન્ટર્સ માટે તાલીમ સત્રનું આયોજન કરાયું



(નિરવ ગઢીયા દ્વારા)

ઉના તા.૪

જિલ્લા બાળ સુરક્ષા એકમ, દીવ દ્વારા ‘‘નશા મુક્ત ભારત અભિયાન’’ હેઠળ એન.એસ.એસ. વોલિએન્ટર્સના માસ્ટર વોલિએન્ટર્સ માટે તાલીમ સત્રનું આયોજન કરવામાં આવ્યું હતું. ભારત સરકારના સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલય સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ દ્વારા ‘‘નશા મુક્ત ભારત અભિયાન’’ની શરૂઆત કરવામાં આવેલ છે. આ અભિયાનનો મુખ્ય ઉદ્દેશ્ય લોકોને વિવિધ પ્રકારના નશાથી મુક્ત કરવાનો અને લોકોમાં વિવિધ પ્રકારના નશા વિશે જાગૃતતા ફેલાવવાનો છે. સાથે-સાથે નશાકારક પદાર્થના દુરૂપયોગથી માનવ શરીરના મહત્વના અંગો ઉપર થતા નુકશાન વિશે લોકોને અવગત કરવાનો છે. ઉપરોક્ત અનુસંધાનમાં નશા મુક્ત ભારત અભિયાન હેઠળ દીવ જિલ્લા સમાહર્તા અને નશા મુક્ત ભારત અભિયાનના અધ્યક્ષ ભાનુ પ્રભાના દિશાનિર્દેશ અને માર્ગદર્શન હેઠળ દીવ જિલ્લા ઉપ સમાહર્તા શિવમ મિશ્રાની અધ્યક્ષતામાં જિલ્લા બાળ સુરક્ષા એકમ, દીવ દ્વારા ઉપરોક્ત દર્શાવેલ મંત્રાલયનું પ્રતિનિધિત્વ કરતા સિનીયર સ્ટેટ કો-ઓર્ડીનેટર અને સ્ટેટ કો-ઓર્ડીનેટર તેમજ દીવ કોલેજ દીવના સંયુક્ત પ્રયાસોથી સામુદાયિક આરોગ્ય કેન્દ્ર, ઘોઘલાના સભાગારમાં એન.એસ.એસ. વોલિએન્ટર્સના માસ્ટર વોલિએન્ટર્સ માટે તાલીમ સત્રનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ઉપરોક્ત મંત્રાલયનું પ્રતિનિધિત્વ કરતા સિનીયર સ્ટેટ કો-ઓર્ડીનેટર અભિનવ ઘોલપ અને સ્ટેટ કો-ઓર્ડીનેટર અન્વેશા તિવારી દ્વારા નશા મુક્ત ભારત અભિયાનના અમલીકરણનો મુખ્ય ઉદ્દેશ્ય તેમજ વિવિધ પ્રકારના નશાકારક પદાર્થો અને તેના દુરૂપયોગથી માનવ શરીર ઉપર થતા નુકશાન વિશે વિગતવાર માહિતી પૂરી પાડવામાં આવેલ હતી. વધૂમાં તેઓ દ્વારા નશા મુક્ત ભારત અભિયાનની મોબાઈલ એપ્લીકેશન વિશે માસ્ટર્સ વોલિએન્ટર્સને અવગત કરવામાં આવેલ તેમજ તેમની આ અભિયાનમાં ભૂમિકા વિશે પણ વિગતવાર માહિતી પૂરી પાડવામાં આવેલ. માસ્ટર વોલિએન્ટર્સને તાલીમ સત્રના માધ્યમથી માહિતગાર કરવાનો મુખ્ય ઉદ્દેશ્ય એ હતો કે, ઉપરોક્ત તાલીમ સત્રમાં ભાગ લીધા બાદ તેઓ ગ્રાસરૂટ્સ સ્તરે જઈ બહોળી સંખ્યામાં નશા મુક્ત ભારત અભિયાન વિશે સમાજમાં જાગૃતતા ફેલાવે. આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિની સાથે સાથે કન્સલ્ટન્ટસ અભિનવ ઘોલપ, અન્વેશા તિવારી, જિલ્લા બાળ સુરક્ષા અધિકારી મૈત્રયી ભટ્ટ, દીવ કોલેજના એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર ડો. કોકિલા ડાભી અને ડો. વિરલ પટેલ વગેરે અધિકારીઓ તેમજ એન.એસ.એસ. વોલિએન્ટર્સના માસ્ટર વોલિએન્ટર્સએ ઉપસ્થિત રહી આ કાર્યક્રમને સફળ બનાવવામાં પોતાનો સહયોગ અને યોગદાન પૂરૂ પાડ્યું હતું. ઉપરોક્ત કાર્યક્રમનું સંચાલન નિકેતા વંશ દ્વારા કરવામાં આવેલ હતું.

# ગુજરાત પ્રદેશ પંચાયત પરિષદના નેજા હેઠળ રાજયના તમામ જિલ્લા પંચાયતના પ્રમુખોની બે દિવસની ચિંતન બેઠક સાસણ ખાતે મળશે

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૪ :

ગુજરાત પ્રદેશ પંચાયત પરિષદ રાજભરના ગ્રામ/ તાલુકાઅને જિલ્લા પંચાયતના ચુંટાયેલા પદાધિકારીઓ સરકાર વચ્ચે સેતુરૂપી સંસ્થા છે. સંસ્થાના અનેક સુચનો સમયાત્તરે રાજય સરકારે સ્વીકારેલ છે. સમગ્ર દેશમાં ગુજરાતના પંચાયતીરાજની આગવી ઓળખ છે. ગુજરાતનું પંચાયતીરાજ દેશને દિશા-નિર્દેશ કરે અને વધુ સુદ્રઢ બનાવવા જૂનાગઢ જિલ્લાના સાસણ ખાતે બે દિવસની ચિંતન બેઠકનું આયોજન કરેલ છે. સદર ચિંતન બેઠકમાં ગ્રામીણ ગુજરાતના વિકાસ સંદર્ભે, વહીવટી સરળીકરણ, પંચાયતના કાયદા/ નિયમોમાં જરૂરી સુધારા, ૧૫માં નાણાપંચના ગ્રાઈડલાઈન્સ સંદર્ભે, પંચાયતના સુચારૂ વહીવટમાં મહિલા પદાધિકારીઓને પડતી વહીવટી મુશ્કેલી નિવારણ સહીત અનેક મુદ્દા ઉપર આ ચિંતન બેઠકમાં ચર્ચા કરાશે. ચિંતન બેઠક બાદ તૈયાર કરેલ શોધ પત્રક મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ, પંચાયત મંત્રી બચુભાઈ ખાબડ તેમજ વડાપ્રધાન નરેન્દ્ર મોદી તેમજ કેન્દ્રીય પંચાયત મંત્રીને સુપ્રત કરાશે. ચિંતન બેઠક ગુજરાત પ્રદેશ પંચાયત પરિષદના અધ્યક્ષ પરેશ દેસાઈ(નવસારી)ના અધ્યક્ષસ્થાને મળશે સમગ્ર ચિંતન બેઠકનું સુચારૂ સંચાલન અને આયોજન ગુજરાત પ્રદેશ પંચાયત પરિષદના માનદ મંત્રી ભરત ગાજીપરા દ્વારા થઈ રહેલ છે. ચિંતન બેઠકમાં વ્યવસ્થા અંગે ગુજરાત પ્રદેશ પંચાયત પરિષદના સૌરાષ્ટ્ર ઝોનના કન્વીનર અને જૂનાગઢ જિલ્લા પંચાયતના પ્રમુખ હરેશભાઈ ઠુંમર તેમજ તેમની ટીમ દ્વારા થઈ રહેલ છે. આ ચિંતન બેઠક દરમ્યાન અમરેલી જિલ્લા પંચાયતના પ્રમુખ ભરતભાઈ સુતરીયા કે જેઓ સાંસદ તરીકે ચુંટાયેલ છે તેમનું વિશિષ્ટ સન્માન રાજયના તમામ જિલ્લા પંચાયતના પ્રમુખ દ્વારા કરવામાં આવશે. ઉપરાંત આગામી સમયમાં મહેસાણા જિલ્લા પંચાયતના સદસ્ય અને પૂર્વ કારોબારી સમિતિના અધ્યક્ષ અને સાંસદ હિરભાઈ પટેલ પણ સાંસદ બનેલ છે. મહેસાણા જિલ્લા પંચાયતના પ્રમુખ તૃષાબેન પટેલ દ્વારા ગુજરાત પ્રદેશ પંચાયત પરિષદ અને રાજયના જિલ્લા પંચાયતના પ્રમુખઓ દ્વારા સન્માન કાર્યક્રમ મહેસાણા ખાતે સુચિત કાર્યક્રમમાં સામેલ થવા અનુરોધ કરેલ છે. આ ગુજરાત પ્રદેશ પંચાયત પરિષદના માનદ મંત્રી ભરત ગાજીપરા અખબારી યાદીમાં જણાવે છે.

# કેન્દ્રિય જલશક્તિ મંત્રાલય અને ગુજરાત સરકારના સંયુક્ત ઉપક્રમે ૬ સપ્ટેમ્બરે સુરતથી જલસંચય જનભાગીદારી યોજનાનો શુભારંભ થશે

**વડાપ્રધાન નરેન્દ્ર મોદી આ પ્રસંગે વર્ચ્યુઅલ ઉપસ્થિત રહીને માર્ગદર્શન આપવાના છે : કેન્દ્રિય જલશક્તિ મંત્રી સી. આર. પાટિલ તથા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સુરતથી કાર્યક્રમમાં જોડાશે**

(પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર તા.૨૪

કેન્દ્રિય જલશક્તિ મંત્રાલય દ્વારા દેશના રાજ્યોમાં જળસંચય સંબંધિત કામગીરી માટે ‘કેચ ધ રેઈન, વ્હેર ઈટ ફોલ્સ-વ્હેઈન ઈટ ફોલ્સ...’ થીમ સાથે ૨૦૨૧થી જળશક્તિ અભિયાન હાથ ધરાય છે. ૨૦૨૪ના આ વર્ષમાં ‘નારીશક્તિ સે જલશક્તિ’ થીમ સાથે ૯ માર્ચ ૨૦૨૪થી ૩૦ નવેમ્બર ૨૦૨૪ સુધી જળશક્તિ અભિયાન યોજાઈ રહ્યું છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના જિલ્લા કલેક્ટરો સાથે વિડિયો કોન્ફરન્સ બેઠક યોજીને અભિયાનને વ્યાપક સફળ બનાવવા માટે માર્ગદર્શન આપ્યું હતું. મુખ્યમંત્રીએ રાજ્યમાં વરસાદી સ્થિતિની સમીક્ષા પણ આ કોન્ફરન્સ દરમ્યાન કરી હતી. તેમણે કહ્યું કે હવે જ્યારે વરસાદે વિરામ લીધો છે અને વરસાદી સ્થિતિમાંથી આપણે બહાર આવી રહ્યા છીએ ત્યારે અસરગ્રસ્ત જિલ્લાઓમાં સફાઈ લોકોની આરોગ્ય સુખાકારી, માર્ગોની તાકીદે મરામતને



અગ્રતા અપાય, એટલું જ નહીં, સર્વે કરીને કેશડોલ્સ અને ઘરવખરી સહાયનું પણ ચૂકવણું અસરગ્રસ્તોને ત્વરાએ થાય તેને પ્રાધાન્ય આપીએ. મુખ્યસચિવ રાજકુમાર તેમજ મુખ્યમંત્રીના અધિક મુખ્ય સચિવ પંકજ જોષી, એમ.કે. દાસ તેમજ વરિષ્ઠ સચિવો આ વીડિયો કોન્ફરન્સમાં સહભાગી થયા હતા.

# ખંભાળિયામાં શિક્ષક દિન નિમિત્તે આવતીકાલે ખાસ આયોજન : કેબિનેટ મંત્રી, સાંસદની ખાસ ઉપસ્થિતિ

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૪

તારીખ ૫ સપ્ટેમ્બરના રોજ "શિક્ષક દિન" નિમિત્તે દેવભૂમિ દ્વારકા જિલ્લાના મુખ્ય મથક ખંભાળિયામાં આવેલા યોગ કેન્દ્ર ખાતે વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આજીવન શિક્ષક ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણનના જન્મદિવસની ઉજવણી નિમિત્તે દર વર્ષે ૫ મી સપ્ટેમ્બરના રોજ "શિક્ષક દિન"ની ઉજવણી કરવામાં આવે છે. આ અંતર્ગત ખંભાળિયામાં નગરપાલિકા ગાર્ડનમાં આવેલા યોગ કેન્દ્ર ખાતે "શિક્ષક દિન"ના વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં પ્રાથમિક તેમજ માધ્યમિક કક્ષાએ શ્રેષ્ઠ કામગીરી કરનાર શિક્ષકોને જિલ્લા-તાલુકા કક્ષાના શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક આપવામાં આવશે. ગુરૂવારે સવારે ૧૦ વાગ્યે યોજવામાં આવેલા વિવિધ કાર્યક્રમોમાં અહીંના ધારાસભ્ય અને કેબિનેટ મંત્રી મુળુભાઈ બેરા, સાંસદ પૂનમબેન માડમ, જિલ્લા પંચાયતના પ્રમુખ રિદ્ધિબા શકિતસિંહ જાડેજા, દ્વારકાના ધારાસભ્ય પબુભા માણેક, જિલ્લા કલેક્ટર જી.ટી. પંડ્યા વિગેરેની ઉપસ્થિતિમાં પારિતોષિક વિતરણ કાર્યક્રમ યોજવામાં આવ્યો છે. જે માટે જિલ્લા શિક્ષણ વિભાગ તેમજ ટીમ દ્વારા નોંધપાત્ર જહેમત ઉઠાવવામાં આવી રહી છે.

# દીવ કલેકટર કચેરી ખાતે હિન્દી પખવાડિયાનો ઉદ્‌ઘાટન કાર્યક્રમ યોજાયો



(નિરવ ગઢીયા દ્વારા)

ઉના તા.૪

ભારત સરકારના ગૃહ મંત્રાલયની માર્ગદર્શિકા અનુસાર સરકારી કામકાજમાં હિન્દીનો ઉપયોગ વધે તે માટે દર વર્ષે હિન્દી પખવાડિયા અને હિન્દી દિવસનું આયોજન કરવામાં આવે છે. આ ક્રમમાં, દીવ વહીવટીતંત્રના રાજભાષા વિભાગ, કલેક્ટર કચેરી દ્વારા ૨-૯-૨૦૨૪ના રોજ કલેક્ટર કચેરી, દીવમાં હિન્દી પખવાડિયાના ઉદ્‌ઘાટન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું અને તેની સાથે પ્રથમ શ્રેણી તરીકે હિન્દી ટિપ્પણી અને ડ્રાફ્ટિંગ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં દિવ વહીવટીતંત્રની વિવિધ કચેરીઓના કર્મચારીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. કાર્યક્રમની શરૂઆતમાં દીવ કલેક્ટર ભાનુ પ્રભા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ ડો. વિવેક કુમાર, નાયબ કલેક્ટર શિવમ મિશ્રા, જિલ્લા શિક્ષણાધિકારી આર.કે. સિંઘ, અધિક્ષક ડી.બી.આહિર અને વરિષ્ઠ હિન્દી અનુવાદક શંકર સિંહા દીપ પ્રગટાવી કાર્યક્રમની શરૂઆત કરી હતી. આ પ્રસંગે દીવ કલેક્ટર ભાનુ પ્રભાએ ઉપસ્થિત અધિકારીઓ અને કર્મચારીઓને સંબોધતા જણાવ્યું હતું કે, તેઓએ તેમના રોજિંદા કામમાં રાજભાષા હિન્દીનો ઉપયોગ કરવો જોઈએ અને વારંવાર વપરાતા ટીપ્પણી વાક્યોને ધ્યાનમાં રાખવા જોઈએ.

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ ડો.વિવેક કુમારે જણાવ્યું હતું કે રાજભાષા હિન્દીમાં કામ કરવું એ આપણી બંધારણીય જવાબદારી છે અને આપણે માત્ર હિન્દી પખવાડિયા દરમ્યાન જ નહીં પરંતુ હંમેશા હિન્દીમાં જ કામ કરવું જોઈએ જેથી જનતા અને સરકાર વચ્ચે નિકટતા આવી શકે. રાજ્ય માહિતી વિજ્ઞાન અધિકારી જયેશ ધંધુકિયાએ તેમના વિચારો વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે, આજે ઘણા ઉપયોગી હિન્દી સોફ્ટવેર ઉપલબ્ધ છે જેની મદદથી હિન્દીમાં સરળતાથી કામ કરી શકાય છે. આ કાર્યક્રમમાં દીવ કલેકટર ભાનુ પ્રભા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ ડો.વિવેક કુમાર, નાયબ કલેકટર આર.કે. સિંઘ, અધિક્ષક ડી.બી. ઉલ્લેખનીય છે કે હિન્દી પખવાડા અંતર્ગત ૩-૯-૨૦૨૪ના રોજ સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળા, દીવમાં અધિકારીઓ અને કર્મચારીઓ માટે હિન્દી શ્રુતલેખન સ્પર્ધાનું આયોજન કરવામાં આવશે.

### અવસાન નોંધ

રાજકોટ નિવાસી રમેશચંદ્ર કેશવલાલ ચોલેરા(ઉ.વ.૭૭)તે યોગેશ ચોલેરા(કે બુકસ/લાઈટવાળા), મેહુલ ચોલેરા(ચોમેર સેલ્સ) અને અંજના હેમલ ચોટાઈના પિતા, પ્રવીણભાઈ, લલીતભાઈ અને ભરતભાઈ(જસદણ)ના ભાઈ, મનસુખલાલ રતિલાલ સાદરાણી(બગસરા)ના બનેવી, અર્ચના ચોલેરા(આત્મીય યુનિ.) અને દિપ્તીના સસરાનું તા.૨-૯-૨૦૨૪, સોમવારના રોજ અવસાન થયું છે. સદ્‌ગતનું બેસણું તા.૫-૯-૨૦૨૪, ગુરૂવારના રોજ સાંજે ૪ થી ૫ પંચનાથ મંદિર રાજકોટ ખાતે રાખેલું છે.

શ્રી દશા મોઢ માંડલિયા વણિક : સ્વ. મુકેશભાઈ શાહ (લાતી વાળા)ના ધર્મપત્નિ સ્વ.અર્ચનાબેન (અરૂણાબેન મુકેશભાઈ શાહ) ઉમર .વર્ષ ૭૩ સમીરભાઈ, પરેશભાઈ તથા મેઘાબેન ના મમ્મી તથા નીતાબેન, સ્વ. નીતિનભાઈ, હરેશભાઈ ના ભાભી તથા આકાશ, હની ના ભાભુ તારીખ ૦૨-૦૯-૨૦૨૪ ને સોમવાર ના રોજ શ્રીજી ચરણ પામ્યા છે, સદગદ ની પ્રાર્થના સભા તા.૦૫-૦૯-૨૦૨૪ ગુરૂવાર બપોરે ૪:૦૦ થી ૬:૦૦ કલાકે ગુલાબ વાડી, પોસ્ટ ઓફિસ રોડ, આઝાદ ચોક, જુનાગઢ ખાતે રાખવામાં આવેલ છે.

# દેવભૂમિ દ્વારકા જિલ્લામાં પી.આઈ., પી.એસ.આઈ.ની સામૂહિક બદલીનો ગંજીપો ચિંપતા પોલીસ વડા



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૪

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં તાજેતરમાં પોલીસ કોન્સ્ટેબલ તથા હેડ કોન્સ્ટેબલને પ્રમોશનના સામૂહિક ઓર્ડરો બાદ જિલ્લાના જુદા જુદા પોલીસ મથકમાં ફરજ બજાવતા પોલીસ ઈન્સ્પેક્ટર તથા પોલીસ સબ ઈન્સ્પેક્ટરને બદલી કરતો સામૂહિક હુકમ જિલ્લા પોલીસ વડા નિતેશ પાંડેય દ્વારા કરવામાં આવ્યો છે. પોલીસ ઈન્સ્પેક્ટર તરીકે ફરજ બજાવતા અને હાલ લીવ રિઝર્વમાં રહેલા એસ.એમ. સોલંકીને દ્વારકાના સીપીઆઈ તરીકે, વી.એ. રાણાને ખંભાળિયાના સીપીઆઈ તરીકે, વી.કે. કોઠીયાને સાઈબર ક્રાઈમ, કે.વી. રાજવીને કલ્યાણપુર તેમજ ડી.એચ. ભટ્ટને દ્વારકા, દ્વારકાના તુષાર પટેલને મીઠાપુર, આર.બી. સોલંકીને દ્વારકાધીશ મંદિર સુરક્ષા વિભાગ, ખંભાળિયાના સી.પી.આઈ. યુ.કે. મકવાને આઈ.યુ.સી.એ.ડબલ્યુ. શાખા, મંદિર સુરક્ષાના કે.એસ. પટેલને બેટ દ્વારકાની જવાબદારી સોંપવામાં આવી છે. જ્યારે પી.એસ.આઈ. તરીકે ફરજ બજાવતા દ્વારકાધીશ મંદિર સુરક્ષાના ડી.એસ. વાંઝાને મીઠાપુર, મીઠાપુરના પી.ટી. વાણીયાને દ્વારકાધીશ મંદિર સુરક્ષા, એન.ડી. કલોતરાને દ્વારકા ટ્રાફિક વિભાગ, દ્વારકા ટ્રાફિક વિભાગના આર.પી. રાજપુતને મંદિર સુરક્ષા, ઓખાના આર.આર. ઝરૂને ખંભાળિયા, દ્વારકાના આર.એચ. સુવાને ઓખા મરીન, વાડીનારના એમ.ડી. મકવાણાને રીડર શાખા, બેટ દ્વારકાના વી.આર. શુકલને વાડીનાર, એલ.આઈ.બી.ના ટી.ડી. ચુડાસમાને દ્વારકા, મીઠાપુરના એમ.એચ. ચૌહાણને ખંભાળિયા, તેમજ ખંભાળિયાના પી.એસ.આઈ. આર.જી. વસાવાને લીવ રિઝર્વમાં મુકવામાં આવ્યા છે. ખંભાળિયામાં મુકાયેલા પી.એસ.આઈ. ઝરુને અહીંના સર્વેલન્સ પી.એસ.આઈ. તરીકે, દ્વારકાના ટી.ડી. ચુડાસમાને દ્વારકા પોલીસ મથકમાં સર્વેલન્સ પી.એસ.આઈ. તરીકે, લિવ રિઝર્વમાં મુકાયેલા આર.જી. વસાવાને એસ.ઓ.જી. શાખા ખાતે એટેચ તરીકે, એમ.ડી. મકવાણાને વાડીનાર પોલીસ મથકનો વધારાનો ચાર્જ તેમજ આર.વી. જોશીને દ્વારકા પોલીસ મથકની વધારાની કામગીરીનો ચાર્જ પણ સોંપવામાં આવ્યો છે.

# દેવભૂમિ દ્વારકા જિલ્લામાં અતિવૃષ્ટિ સંદર્ભે નુકસાનીના સરવે તેમજ સહાય ચૂકવવા રજૂઆત

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૪

ખંભાળિયા સહિત સમગ્ર દેવભૂમિ દ્વારકા જિલ્લામાં તાજેતરના અતિ ભારે વરસાદના કારણે ખેડૂતોને થયેલી નુકસાની સહિતના મુદ્દે અહીંના જિલ્લા પંચાયતના મહિલા સદસ્યા વેજીબેન કરમુર દ્વારા કેબિનેટ મંત્રીને લેખિત રજૂઆતો કરવામાં આવી છે. ખંભાળિયા તાલુકાના બજાણા જિલ્લા પંચાયતની બેઠકના સદસ્યા વેજીબેન એભાભાઈ કરમુર દ્વારા અહીંના ધારાસભ્ય અને કેબિનેટ મંત્રી મુળુભાઈ બેરાને એક લેખિત પત્ર પાઠવી અને જણાવ્યું છે કે ઓગસ્ટ ૨૦૨૪ માસના સમયગાળા દરમિયાન ખંભાળિયા વિસ્તારમાં અતિ ભારે વરસાદના કારણે ખેડૂતોને થયેલી નુકસાનીની સહાય ચૂકવવા, ધોવાયેલા રસ્તાની ગ્રાન્ટ ફાળવવા તેમજ નાના તળાવ ચેકડેમ વિગેરેને થયેલા નુકસાન અંગેનું તાત્કાલિક ધોરણે સરવે કરાવીને એસ્ટીમેન્ટ પ્રમાણે ગ્રાન્ટ ફાળવી, જરૂરી રીપેરીંગ કાર્યવાહી કરાવવા માંગ કરવામાં આવી છે. ખાસ કરીને ખંભાળિયાના ગ્રામ્ય વિસ્તારના રસ્તાઓ ક્ષતિગ્રસ્ત થતા ખેડૂતોને ખેતરે જવા માટે વ્યાપક હાલાકીનો સામનો કરવો પડે છે. આ ઉપરાંત સિંચાઈની સુવિધા માટે નાના તળાવ અને ચેકડેમ પણ ક્ષતિગ્રસ્ત બન્યા હોવાથી આ અંગેની જરૂરી ગ્રાન્ટ સિંચાઈ વિભાગને ફાળવી તાત્કાલિક ધોરણે રીપેરીંગ કાર્યવાહી શરૂ કરાવવાની અનિવાર્ય છે. અતિવૃષ્ટિ જેવા વરસાદના કારણે મગફળી, કપાસ, શાકભાજી વિગેરે પાકનું ધોવાણ થયું છે. જેથી આ અંગે નુકસાનીનો સરવે કરી અને ખેડૂતોને યોગ્ય સહાય ચૂકવવામાં આવે તે માટે પણ અનુરોધ કરવામાં આવ્યો છે.

# મગફળીના પાકમાં મુંડા જીવાતના સંકલિત વ્યવસ્થાપન અંગે જીલ્લા ખેતીવાડી કચેરી દ્વારા માર્ગદર્શિકા જાહેર

જૂનાગઢ, તા.૪

જિલ્લા ખેતીવાડી કચેરી દ્વારા મગફળીના પાકમાં ઘૈણ ઢાલિયા (મુંડા) પ્રકારના જીવાતના સંકલિત વ્યવસ્થાપન અંગે ખેડૂતો માટે માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી છે.



આ માર્ગદર્શિકા અનુસાર ઘૈણના ઢાલિયા કીટકો પ્રકાશ તરફ આકર્ષાતા હોવાથી રાત્રિ દરમિયાન પ્રકાશ પિંજર ગોઠવી આકર્ષાયેલા ઢાલિયા ભેગા કરી નાશ કરવો. મગફળીના ઊભા પાકમાં મુંડાના અસરકારક નિયંત્રણ માટે ઉગાવાના ૩૦ દિવસ બાદ બ્યુવેરીયા બાસીયાના અથવા મેટારીઝીયમ એનીસોપ્લી ડ્રેન્ચિંગ દ્વારા ૫.૦ કિ.ગ્રા./હેકટર પ્રમાણે જમીનામાં આપવું. સફેદ ઘૈણ (મુંડા)નો ઉપદ્રવ ઓછો હોય ત્યારે કલોરપાયરીફોસ ૨૦ ઈ.સી. ૪૦ થી ૫૦ મી.લી. દવા ૧૦ લીટર પાણીમાં મીશ્ર કરી પંપની નોઝલ કાઢી મગફળીના મૂળ પાસે પડે અને જમીનમાં ઉતરે તે રીતે રેડવાથી નિયંત્રણ મેળવી શકાય છે. ઉભા પાકમાં આ જીવાતનો ઉપદ્રવ જોવા મળે તો કલોરપાયરીફોસ ૨૦ ઈ.સી.અથવા કવીનાલફોસ ૨૫ ઈ.સી. હેકટરે ૪ લીટર પ્રમાણે પિયત પાણી સાથે આપવાથી સારૂ નિયંત્રણ મળે છે. ચોમાસામાં મગફળીમાં પિયત ન આપવાનુ હોય ત્યારે આ જીવાતોના નિયંત્રણ કરવા માટે કલોરપાયરીફોસ ૪ લીટર દવા ૫ લીટર પાણીમાં ઓગાળી આ મિશ્રણને ૧૦૦ કિલો જીણી રેતીમાં ભેળવી ત્યારબાદ રેતી સુકવી, આ રેતી એક હેકટર વિસ્તારમાં છોડના થડ પાસે પુંખવી, ત્યારબાદ જો વરસાદ ન હોય તો હળવું પિયત આપવુ. વધુમાં દવાના વપરાશ વખતે દવા ઉપર આપવામાં આવેલ લેબલ મુજબ જે તે પાક માટે, આપવામાં આવેલ ડોઝ અને જે તે રોગ/ જીવાત માટેની દવા છે તે ભલામણ મુજબ અનુસરવા જણાવવામાં આવે છે.

આ અંગે વધુ જાણકારી માટે આપના વિસ્તારના ગ્રામસેવક /વિસ્તરણ અધિકારી/ ખેતી અધિકારી/ તાલુકા અમલીકરણ અધિકારી/ મદદનીશ ખેતી નિયામક/ જિલ્લા ખેતીવાડી અધિકારી/ નાયબ ખેતી નિયામક(વિસ્તરણ)/ નાયબ ખેતી નિયામકશ્રી (તાલીમ)નો સંપર્ક સાધી શકાશે. તેમ જિલ્લા ખેતીવાડી અધિકારી, જિલ્લા પંચાયત, જૂનાગઢ દ્વારા એક યાદીમાં જણાવાયું છે.

# જૂનાગઢ જીલ્લામાં યુદ્ધના ધોરણે માર્ગ મરામતની કામગીરી : ૫૦ રસ્તાઓની પેચવર્કની કામગીરી પૂર્ણ



જૂનાગઢ તા.૪

જૂનાગઢ જિલ્લામાં ભારે વરસાદથી અસરગ્રસ્ત થયેલા રસ્તાઓનું મરામત કાર્ય તંત્ર દ્વારા પૂરજોશમાં કરવામાં આવી રહ્યું છે. બિસ્માર રસ્તાઓનું મેટલિંગ દ્વારા પેચવર્ક થઈ રહ્યું છે, હાલ જિલ્લાના માર્ગ અને મકાન-પંચાયત વિભાગ હેઠળના ૫૦ જેટલા રસ્તાઓનું પેચવર્ક પૂર્ણ કરવામાં આવ્યું છે.

આ કામગીરી સંદર્ભે જરૂરી વિગત આપતા જિલ્લા પંચાયતના માર્ગ અને મકાનના કાર્યપાલક ઈજનેર ગોહિલે જણાવ્યું કે, ભારે વરસાદના કારણે જૂનાગઢ જિલ્લામાં પંચાયત માર્ગ હસ્તકના અંદાજિત ૮૫ જેટલા રસ્તાઓ નુકસાન થવા પામેલા હતા. આ રસ્તાઓમાં નુકસાની થવા પાછળનું કારણ આપણે જોઈએ તો જે અનિયમિત વરસાદની પેટર્નના કારણે, રસ્તા પર ઘસારા, ભારે વાહનોની અવર જવર થવાના કારણે આ નુકસાની ઘણીવાર પામતી હોય છે. જિલ્લા વહિવટી તંત્રના માર્ગદર્શન હેઠળ યુદ્ધના ધોરણે રસ્તાને મરામત કરવાની પ્રક્રિયા હાથ ધરેલ છે. જેમાં ૫૦ જેટલા રસ્તાઓની પેચ વર્કની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. ગ્રામ્ય વિસ્તારના ૨૫ જેટલા માર્ગોનું મેટલિંગ પેચવર્ક પૂરજોશમાં શરુ છે, જે વહેલી તકે પૂર્ણ કરી દેવામાં આવશે. આમ, લોકોને વાહન વ્યવહારમાં રાહત મળી રહે તે માટે માર્ગ મરામતની કામગીરી તંત્ર દ્વારા ઝડપભેર કરવામાં આવી રહી છે.

# રાજુલા એસટી વર્કશોપમાં મધરાતે મુસાફરો રઝળી પડ્યાં

## મધરાત્રે આળસુ કર્મચારીઓને કારણે મુસાફરોએ યાતના ભોગવવી પડી

(મુગલ અલ્તાફ દ્વારા)

કોડીનાર, તા.૪

કોડીનાર ડેપોની વડોદરાથી કોડીનાર આવવા માંટે ૨૮-૮-૨૦૨૪ નાં સાંજના છ કલાકે ઉપડેલી વડોદરા-કોડીનાર રૂટની બસ વહેલી સવારે ત્રણ વાગે રાજુલા શહેરમાં પ્રવેશી ત્યારે કોઈ ટેકનિકલ કારણોસર હેડલાઈટ બંધ થઈ જતાં આ બસને રાજુલા વર્કશોપમાં રાત્રે સવા ત્રણ વાગ્યે લઈ જવામાં આવી. ત્યારે રાજુલા વર્કશોપમાં જવાબદાર કોઈ જ કર્મચારીઓ હાજર નહોતા. વહેલી સવારે છ વાગ્યે સ્ટાફ આવે એ પછી વાહન રીપેર થશે તેમ



ઉડાઉ જવાબ આપતા બસ ડ્રાઈવર કન્ડકટર મુસીબતમાં મુકાયા હતા અને કોડીનારના અધિકારીઓનો સંપર્ક કરતાં તેમણે તમારી રીતે વ્યવસ્થા કરો તેવું જણાવેલ એસટીના આવા કર્મચારીઓના વર્તનથી મુસાફરી કરી રહેલા મુસાફરો હેરાન હેરાન થઈ ગયા હતાં. જોકે આ સમગ્ર ઘટના દરમ્યાન જાગૃત મુસાફરે ડિવિઝનના વડા અધિકારીનો સંપર્ક કરવાનું જણાવતા વર્કશોપમાં નોકરી દરમ્યાન આરામ ફરમાવી રહેલા આળસુ કર્મચારીએ સફાળા તાત્કાલિક બસની લાઈટો રિપેર કરી આપી હતી. જોકે આ સમગ્ર પસ્તાળમાં મુસાફરો ૨ કલાક રજળી પડ્યા હતા જેથી બસમાં સફર કરી રહેલા જાગૃત મુસાફરે જી.એસ.આર.ટી.સીની બેદરકારી સામે ગ્રાહક સુરક્ષામાં ફરિયાદ કરવાની તજવીજ હાથ ધરી છે.

# કૃષિ વિજ્ઞાન કેન્દ્ર કોડીનારની મુલાકાત લેતા સી.આઈ.એફ.ટી.-આઈ.સી.એ.આર.ના વૈજ્ઞાનિકો

## કે.વી.કે દ્વારા પ્રાકૃતિક કૃષિ એકમ, ડેમો યુનિટ સહિતની વિવિધ પ્રવૃત્તિઓને બીરદાવી

ગીર સોમનાથ, તા.૪

સેન્ટ્રલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફિશરીઝ તેમજ ઈન્ડિયન કાઉન્સીલ ઓફ એગ્રીકલ્ચરલ રિસર્ચ વેરાવળની ટીમે નિરિક્ષણ હેતુથી કોડિનારના કૃષિ વિજ્ઞાન કેન્દ્રની મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન મુખ્ય નિરિક્ષક સિનિયર વૈજ્ઞાનિક અને ઈન્ચાર્જ, સી.આઈ.એફ.ટી, ડો. આશિષકુમાર ઝા તેમજ ડો. ચિન્નાદુરાઈ રહ્યાં હતા.



કે.વી.કેના વડા જીતેન્દ્રસિંહ દ્વારા કૃષિ વિજ્ઞાન કેન્દ્રની વિવિધ પ્રવૃત્તિઓ તેમજ ટીમ દ્વારા કરવામાં આવેલી પ્રવૃત્તિઓ વિશે વિગતવાર માહિતગાર કરાવવામાં આવ્યાં હતાં. મહાનુભાવોએ કે.વી.કે ટીમ સાથે વાર્તાલાપ પણ કર્યો અને પ્રાકૃતિક કૃષિ એકમ, રેડિયો સ્ટેશન, માટી, પરીક્ષણ લેબ, હોમ સાયન્સ લેબ, પાક કાફેટેરિયા, એઝોલા યુનિટ, વર્મીકમ્પોસ્ટ યુનિટ, આઈએફએસ પોલ્ટ્રી કમ ફિશ યુનિટ અને એફ.પી.ઓ.ની મુલાકાત લીધી હતી.

ફિલ્ડ વિઝિટ દરમ્યાન તમામ વૈજ્ઞાનિકોએ રામસિંહભાઈ ડોડિયા, પાંચ પીપળવા મરીન વોટર બાયો ફ્લોક ઝીંગા ઉછેરના ક્ષેત્રની મુલાકાત લીધી હતી અને કંટાળા ગામ ખાતે શ્રી રામભાઈની વાડીએ ખેડૂતો સાથે કિસાન ગોષ્ઠીમાં કેવિકેની પ્રવૃત્તિઓ વિષે ચર્ચા કરી હતી અને સીએફએલડીના મગફળીના પ્લોટની અને અરણેજ ખાતે સોયાબીનના પ્લોટની મુલાકાત લીધી હતી. વધુમાં તમામ વૈજ્ઞાનિકોએ ટોબરા ગામના શ્રીમતિ ક્રિષ્નાબેનના ઘરે ખેત મહિલાઓ સાથે કિસાન ગોષ્ઠી યોજી હતી. ત્યારબાદ વેરાવળ ખાતે જેઠાભાઈ રામના મધુવન મધમાખી ફાર્મની મુલાકાત લીધી અને બન્ને મુલાકાતીઓએ કેવિકે ટીમ દ્વારા ખેડૂતો માટે કરવામાં આવતી વિવિધ પ્રવૃત્તિઓને બિરદાવી હતી.

# જીલ્લા કક્ષા સ્પોર્ટસ સ્કૂલમાં પ્રવેશ અંગે કોડિનાર ખાતે હાઈટ હંટ કાર્યક્રમ

ગીર સોમનાથ, તા.૪

સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાત, ગાંધીનગર દ્વારા સંચાલિત જિલ્લા કક્ષા સ્પોર્ટસ સ્કૂલ યોજના અંતર્ગત હાઈટના આધારે અંડર-૧૫ વયજૂથના ખેલાડી એટલેકે તા.૧/૧/૨૦૦૯ પછી જન્મેલા ભાઈઓ અને બહેનો માટે પસંદગી પ્રક્રિયાનું આયોજન કરવામાં આવ્યું છે જેમાં ૧૨ વર્ષની ઉંમરના ભાઈઓ માટે ઉંચાઈ ૧૬૬ , ૧૩ વર્ષની ઉંમરના ભાઈઓ માટે ઉંચાઈ ૧૭૧ , ૧૪ વર્ષની ઉંમરના ભાઈઓ માટે ઉંચાઈ ૧૭૭ , ૧૫ વર્ષની ઉંમરના ભાઈઓ માટે ઉંચાઈ ૧૮૨ , ૧૨ વર્ષની ઉંમરના બહેનો માટે ઉંચાઈ ૧૬૧ , ૧૩ વર્ષની ઉંમરના બહેનો માટે ઉંચાઈ ૧૬૪ , ૧૪ વર્ષની ઉંમરના બહેનો માટે ઉંચાઈ ૧૬૯ , ૧૫ વર્ષની ઉંમરના બહેનો માટે ઉંચાઈ ૧૭૧ અનુસાર વય અને ઉંચાઈની મર્યાદામાં રસ ધરાવનાર ભાઈઓ/બહેનો ભાગ લઈ શકશે. હાઈટ હંટ કાર્યક્રમમાં (મૂળ ગુજરાતના નિવાસી ખેલાડી) ભાગ લેવા માટે તા.૦૯/૦૯/૨૦૨૪ના રોજ સવારે ૦૯:૦૦ કલાકે ઓરિજનલ આધાર કાર્ડ અને જન્મ તારીખના દાખલા સાથે શ્રી સોમનાથ એકેડેમી, બાયપાસ પાસે, કોડિનાર ખાતે હાજર રહેવું. આ કસોટીની વધુ માહિતી માટે વોલીબોલ કોચ ગીતાબેન વાળા, મો.૭૦૧૬૭ ૯૯૬૬૮નો સંપર્ક કરવા જિલ્લા રમત વિકાસ અધિકારી કચેરી દ્વારા એક યાદીમાં જણાવેલું છે.

### જૂનાગઢ દશા સોરઠીયા વણિક જ્ઞાતિ દ્વારા સામુદ્રી માતાજીનો પાટોત્સવ યોજાશે

જૂનાગઢ, તા.૪

જૂનાગઢમાં દશા સોરઠીયા વણિક જ્ઞાતિ દ્વારા ભાદરવા સુદ છઠ તા.૯ ને સોમવારે દેવ વાડી ખાતે સામુદ્રી માતાજીનો પાટોત્સવ યોજાશે જેમાં સવારે ૮ કલાકે હવન થશે અને સાંજે જ્ઞાતિજનો માટે સમૂહ પ્રસાદનું આયોજન કરવામાં આવ્યું છે. આ ધર્મમય કાર્યક્રમમાં જ્ઞાતિજનોએ લાભ લેવા દશા સોરઠીયા વણિક જ્ઞાતિના મંત્રી વિનુભાઈ કુરાણીએ યાદીમાં જણાવ્યું છે.

# રાજયમાં ગણેશ મહોત્સવ, નવરાત્રિમાં વિજ્ઞાન જાથાનો ચમત્કારોથી ચેતો કાર્યક્રમ યોજાશે

## રાજયના ૩૩ જીલ્લામાં જાથાના અંધશ્રદ્ધા નિવારણના કાર્યક્રમો યોજાશે

અમદાવાદ, તા.૪

આગામી દેશભરમાં ગણપતિ અને નવરાત્રિ મહોત્સવમાં લોકોમાં અંધશ્રદ્ધા દૂર કરવાનો લોકજાગૃતિ કાર્યક્રમ ભારત જન વિજ્ઞાન જાથા પ્રતિ વર્ષની જેમ આ વર્ષે અમલમાં મુકેલ છે. દેશભરમાં એકમાત્ર જાથા દસ હજારથી વધુ સ્ટેજ કાર્યક્રમો આપી અગ્રેસર છે. ભારત જન વિજ્ઞાન જાથાનો અંધશ્રદ્ધા નિવારાણાર્થે ચમત્કારોથી ચેતો લોકજાગૃતિ કાર્યક્રમ દેશ—વિદેશમાં અતિ લોકપ્રિય બન્યો છે. જાથાએ વર્ષ ૧૯૯૨ થી સપ્ટેમ્બર ૨૦૨૪ સુધીમાં રાજય, પ્રાદેશિક અને ૧૪ શાખાઓની મદદથી ૧૦૦૪૫ જનજાગૃતિના સ્ટેજ કાર્યક્રમો આપ્યા છે. દેશમાં દોરા—ધાગા, ચમત્કારના નામે છેતરપિંડી કરનાર ૧૨૪૮ ધતિંગબાજોનો જનહિતાયે પર્દાફાશ કર્યા છે. ૩૫૦૦ ધૂણતા અને સવારી આવતા ભુવા, ફકીરો, મુંજાવરો, લેભાગુઓને બંધ કરાવ્યા છે.

જાથાનો જનજાગૃતિ કાર્યક્રમની શરૂઆતમાં શાળા, કોલેજો, છાત્રાલયો, સામાજિક સંસ્થાઓ, યુવક મંડળો, સામાજિક — રાષ્ટ્રીય પ્રસંગો, સરકારના ગ્રામ સભામાં આયોજન કરવામાં આવતું હતું. પરંતુ છેલ્લા કેટલાક વર્ષોથી ભારતના ત્યૌહાર, ઉત્સવો, ધાર્મિક પ્રસંગો, સપ્તાહ, પારાયણ, પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ, નવરાત્રિ મહોત્સવ વગેરેમાં મહત્તમ આયોજન થાય છે. રાજયમાં જાથાના કાર્યક્રમની જબરી માંગના કારણે ગુજરાતના ૩૩ જિલ્લા જેવા કે રાજકોટ, જુનાગઢ, અમરેલી, ભાવનગર, પોરબંદર, સુરેન્દ્રનગર, અમદાવાદ, વડોદરા, ગાંધીનગર, સુરત, પાલનપુર, મહેસાણા, પાટણ વિગેરે તથા તેના તાલુકા તથા ગ્રામ્ય મથકોમાં ચમત્કારોથી ચેતો કાર્યક્રમ યોજવા ઈચ્છુકોએ વહેલા તે પહેલા ધોરણે નોંધણી, વિગત, નિયમોની જાણકારી મેળવી, સંમતિપત્રક મેળવી લેવાનું રહેશે. ત્રણ કલાકનો સ્ટેજ કાર્યક્રમ જ્ઞાન—વિજ્ઞાન સાથે અંધશ્રદ્ધા નિવારણ કેન્દ્રમાં રાખીને જ આયોજન પ્રચાર—પ્રસાર થાય છે. લોકોની ધાર્મિક લાગણી ધ્યાનમાં રાખી આયોજન હોય છે. જાથાએ ભગવાન, ઈશ્વર, અલ્લાહ કે ધાર્મિક શાસ્ત્રોનો કદી વિરોધ કર્યો નથી.

જાથાના રાજય ચેરમેન અને એડવોકેટ જયંત પંડયાનું વૈજ્ઞાનિક જ્ઞાનલક્ષી તેજાબી વકતવ્ય દેશભરમાં અતિ લોકપ્રિય છે. તેમને સાંભળવા સ્વયંભુ લોકો ઉમટી પડે છે. તેઓ ભૂત, પ્રેત, છાયો, મામો, જીજ્ઞાત, ડાકણ, આસુરી—મેલીવિદ્યાનો ભાંડાફોડ કરી વ્હેમ, અંધશ્રદ્ધા, ચમત્કારો ઉપર દાખલા— દલીલ સાથે સમજ આપવામાં આવે છે. માનવીને તેના અહંમ, પૂર્વગ્રહો નડે છે. જીવતા માણસો જ નડે છે તેની માહિતી આપે છે. વાસ્તુશાસ્ત્ર, ફેંગસૂઈ, ફળકથનો, નિવારણ વિધિઓ કેટલી નિરાધાર, બોગસ, અવૈજ્ઞાનિક છે તેની વિજ્ઞાન આધારપુરાવા સાથે રજૂ કરવામાં આવે છે.

# ખંભાળિયા પેટ્રોલ પંપ નજીક લાગેલી ભીષણ આગ પ્રકરણમાં પેટ્રોલ પંપ સંચાલક સહિત ચાર સામે ફરિયાદ : આરોપીઓની અટકાયત

## જ્વલનશીલ પદાર્થ બેદરકારી પૂર્વક રસ્તામાં ફેંકી દેતા લાગી હતી આગ

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા, તા.૪

ખંભાળિયા શહેરમાં આવેલા એક પેટ્રોલ પંપ નજીક રવિવારે ભભૂકી ઊઠેલી ભીષણ આગળના પ્રકરણમાં બેદરકારી દાખવવા સબબ પેટ્રોલ પંપના સંચાલક સહિત કુલ ચાર શખ્સો સામે ધોરણસર ફરિયાદ નોંધાવવામાં આવી છે. જે સંદર્ભે પોલીસે પાંચ આરોપીઓની અટકાયત કરી લીધી છે. આ સમગ્ર પ્રકરણની વિગત મુજબ ખંભાળિયામાં પોરબંદર રોડ ઉપર આવેલા યમુના પેટ્રોલ પંપ પાસે રવિવારે રાત્રે આશરે નવેક વાગ્યાના સમયે એકાએક ભભુકી ઉઠેલી ભીષણ આગમાં એક મોટરકાર અને બે બાઈક સહિત ત્રણ વાહનો સંપૂર્ણપણે સળગી જવા પામ્યા હતા. રાત્રિના સમયે પેટ્રોલ પંપ પાસે લાગેલી આગથી થોડો સમય ભય સાથે દોડધામની પરિસ્થિતિનું નિર્માણ થયું હતું. પેટ્રોલ પંપ પાસે શિવાલિક હોસ્પિટલની સામે લાગેલી આ આગમાં એક તબીબની મોટરકાર તેમજ બે



મોટરસાયકલ સળગી જતા રૂપિયા ૪.૪૫ લાખની નુકસાની થયાનું ખુલવા પામ્યું છે. આગના આ સમગ્ર બનાવ અંગે સીસી ટીવી ફૂટેજના આધારે ખંભાળિયા પોલીસ મથકના હેડ કોન્સ્ટેબલ એલ.વી. જાદવ દ્વારા પેટ્રોલ પંપના સંચાલક ધીરેનભાઈ તુલસીદાસ બારાઈ, અનુપરાય, પપુરાય તેમજ જીગર પ્રકાશભાઈ રાઠોડ નામના કુલ ચાર શખ્સો સામે અહીં પોલીસમાં ધોરણસર ફરિયાદ નોંધાવવામાં આવી છે. આ ફરિયાદમાં જણાવાયા મુજબ આરોપી ધીરેનભાઈ બારાઈ કે જેઓ યમુના પેટ્રોલ પંપના સંચાલક છે, તેમણે આરોપી અનુપરાય અને પપુરાય પાસે આ પેટ્રોલ પંપના પેટ્રોલની ટાંકીઓની સફાઈ કરાવી હતી. આ સફાઈ બાદ તેમાંથી કાઢવામાં આવેલા પાણી મિશ્રિત પેટ્રોલ જ્વલનશીલ હોવા છતાં તેનો જાહેર રોડ પર નિકાલ ન કરવાનો નિયમ હોવા છતાં પણ તેને જાહેર રોડ ઉપર છોડાવી, તેમાં આગ લાગે તેમ હોય અને આ આગથી જાનહાની થવાની શક્યતા હોવાનું ધ્યાનમાં હોવા છતાં પણ તેઓએ આ પાણી મિશ્રિત પેટ્રોલને જાહેર રોડ ઉપર છોડી દીધું હતું. આ પ્રવાહી આગળ રોડ ઉપર જતા અન્ય એક આરોપી જીગર પ્રકાશભાઈ રાઠોડએ આ પ્રવાહીમાં સળગતી દીવાસળી ફેંકતા આગ લાગી હતી. જેના કારણે રોડની એક સાઈડમાં પાર્ક કરવામાં આવેલી જી.જે. ૧૦ ડી.એ. ૬૦૫૯ નંબરની સ્વીફ્ટ કાર તેમજ બે મોટરસાયકલ મળી ત્રણેય વાહનો આગમાં સળગી ગયા હતા. જેના કારણે આશરે રૂપિયા સાડા ચાર લાખ જેટલી નુકસાની થયાનું પણ જાહેર થયું છે. ખંભાળિયા પોલીસે બી.એન.એસ.ની કલમ ૧૨૫, ૨૮૭, ૧૧૦, ૩૨૪ (૪) તેમજ ૫૪ મુજબ પેટ્રોલ પંપના સંચાલક તેમજ તેમના બે કર્મચારીઓ સહિત ચાર શખ્સો સામે ગુનો નોંધી, આ પ્રકરણમાં પેટ્રોલ પંપ સંચાલક ધીરેનભાઈ બારાઈ, જીગર પ્રકાશ રાઠોડ, અનુપકુમાર શ્યામસુંદર રાજભર (મૂળ રહે. બિહાર), પપુકુમાર લાલનરાય રાય (મૂળ રહે. બિહાર) અને ખંભાળિયામાં કુંભાર પાડો વિસ્તારમાં રહેતા કૌશિક ધીરુભાઈ રાઠોડ નામના પાંચ શખ્સોની અટકાયત કરી, તેઓને કાયદાનું ભાન કરાવ્યું હતું. આ પ્રકરણમાં આગળની તપાસ પી.આઈ. બી.જે. સરવૈયાના માર્ગદર્શન હેઠળ પી.એસ.આઈ. આર.જી. વસાવા દ્વારા હાથ ધરવામાં આવી છે.

# સમસ્ત માલધારી સમાજ તેમજ જૂનાગઢનું ગૌરવ



જૂનાગઢ, તા.૪

જૂનાગઢની ગાંધીગ્રામ ગરબી મંડળના બાળ કલાકાર એવા આયુષ ભરવાડ સાંસ્કૃતિક કાર્યક્રમ ગાંધીનગર દ્વારા યોજાયેલ તેમાં ગુજરાતમાં પ્રથમ નંબરે આવતા ભાવનગર જિલ્લાના મલકિયાના ઠાકરનાં મહંત દ્વારા સન્માન કરવામાં આવેલ તે બદલ અમારી ગાંધીગ્રામ ગરબી મંડળના પ્રમુખ વિરાભાઈ મોરી તેમજ તમામ કાર્યકરો દ્વારા ખૂબ ખૂબ અભિનંદન પાઠવવામાં આવેલ છે.

# રાષ્ટ્રપતિ એવોર્ડ વિજેતા લેખકના પુસ્તકમાં ખંભાળિયાના અગ્રણી તબીબને સ્થાન

## સુધીર મહેતાના પુસ્તકમાં ડો. અમિત નકુમનો ખાસ ઉલ્લેખ કરાયો

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા, તા.૪

ખંભાળિયા સહિત સમગ્ર વિસ્તારમાં વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા અગ્રણી તબીબને રાષ્ટ્રપતિ એવોર્ડ વિજેતા લેખક સુધીરભાઈ મહેતાએ તેમના પુસ્તકમાં ઉલ્લેખ કરી અને વિશિષ્ટ સન્માન આપ્યું છે. ગુજરાતના પ્રથમ હરોળના લેખક સુધીરભાઈ મહેતાને તાજેતરમાં રાષ્ટ્રપતિ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. તેમના દ્વારા લિખિત 'ઉજળી પ્રતિભાઓ' નામના પુસ્તકમાં ખંભાળિયા સેવાભાવી ઓર્થોપેડિક તબીબ



ડો. અમિતભાઈ નકુમ (વેદાંત હોસ્પિટલ વાળા) માટે કરવામાં આવેલી સેવા પ્રવૃત્તિઓનો ઉલ્લેખ કરી, અને ખાસ સ્થાન આપવામાં આવ્યું છે. જેને ગૌરવ અપાવવા બદલ આભારની લાગણી વ્યક્ત કરવામાં રહી છે.

સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

તંત્રી લેખ

# સુરક્ષાનું પેન્શન

આખરે કેન્દ્ર સરકારે કર્મચારીઓને પેન્શનનો મુદ્દો પોતાની પ્રાથમિકતાઓમાં સામેલ કરતાં આ ગૂંચને દૂર કરવાનો પ્રયાસ કર્યો છે. તેણે જૂની પેન્શન અને એનપીએસ વચ્ચેનો રસ્તો કાઢીને કર્મચારીઓના હિતોને પ્રાથમિકતા આપી છે, સાથે જ રાજકોષીય દબાણને પણ ઘટાડયું છે. હાલમાં જ જાહેર એકીકૃત પેન્શન સ્કીમથી કર્મચારીઓની આર્થિક સુરક્ષાને આધાર મળશે. જેમાં એક નિશ્ચિત પેન્શન, ફેમિલી પેન્શનનું આશ્વાસન તથા ફુગાવાના દબાણથી રાહતનો પ્રયાસ સામેલ છે. આ યોજનામાં સેવાનિવૃત્તિ પહેલા વર્ષમાં બાર મહિનાના સરેરાશ મૂળ પગારના પચાસ ટકા પેન્શન રૂપે મળશે. જેમાં કર્મચારીનું યોગદાન તો દસ ટકા જ રહેશે, પરંતુ સરકારનું યોગદાન ૧૪ ટકાથી વધીને ૧૮.૫ ટકા થઈ જશે. આ લાભ ૨૫ વર્ષની સેવા બાદ મળશે, પરંતુ દસ વર્ષની સેવાવાળા વ્યક્તિને પણ દસ હજાર પેન્શનનો લાભ મળશે. નિઃસંદેહ આ નિર્ણયના રાજકીય નિહિતાર્થોને નજરઅંદાજ ન કરી શકાય. આ ઘોષણા એવા સમયે કરવામાં આવી છે જ્યારે હરિયાણા અને જમ્મુ-કાશ્મીરમાં ચૂંટણી જાહેર કરાઈ છે અને વર્ષના અંત સુધીમાં મહારાષ્ટ્ર અને ઝારખંડમાં ચૂંટણી થવાની છે. અસલમાં છેલ્લા કેટલાક વર્ષમાં વિપક્ષી દળોએ કર્મચારીઓની જૂની પેન્શન યોજનાની માંગને હવા આપતાં તેને રાજકીય મુદ્દો બનાવ્યો હતો. હિમાચલ પ્રદેશમાં આવેલ પરિણામોનું મોટું કારણ જૂની પેન્શન યોજના મુદ્દો હતો. જોકે જૂની પેન્શન યોજના લાગુ કરવાથી ભારે આર્થિક દબાણની ચિંતા હતી, એટલે જ ગયા વર્ષે આરબીઆઈએ ઓપીએસના વિકલ્પની પસંદગી કરનારા રાજ્યો પર વધનારા આર્થિક દબાણની ચિંતા વ્યક્ત કરી હતી. એનાથી સરકારોની રાજકોષીય ખાધ નિરંતર વધવાનો પણ ખતરો હતો. જેને કારણે આ યોજનાને ૨૦૦૪માં ખતમ કરવામાં આવી હતી. પછી એ રસ્તે પાછા ફરવું વ્યાવહારિક તો ન જ હતું.

અસલમાં એનડીએ સરકારનું કહેવું છે કે એકીકૃત પેન્શન યોજના નાણાંકીય અનુશાસનને અનુરૂપ છે, જે સરકાર દ્વારા આર્થિક સહાયતાની સાથે જ કર્મીઓના અંશદાનથી મૂર્ત રૂપ લે છે. જેને જ્યાં એક તરફ સેવાનિવૃત્તિ બાદ કર્મીઓના આર્થિક સુરક્ષા મળી શકશે, જ્યારે રાજકોષીય વિવેક પણ જળવાઈ સેરહેશે. અસલમાં વિપક્ષી દળો દ્વારા જૂની પેન્શનને મુદ્દો બનાવ્યા બાદ કેન્દ્ર સરકારે એના વિકલ્પ પર ગંભીરતાથી વિચાર કર્યો. પછી એપ્રિલ ૨૦૨૩માં તત્કાલીન વિત્ત સચિવ ટીવી સોમનાથની આગેવાનીમાં બનેલ કમિટીએ ચિંતન ઉપરાંત જે ભલામણ સરકારને સોંપી, ગયા શનિવારે મોદી સરકારના મંત્રીમંડળે તેને લીલી ઝંડી આપી દીધી. દેશમાં એકીકૃત પેન્શન યોજનાને સકારાત્મક પ્રતિસાદ મળ્યો છે. વિપક્ષો પણ વિરોધ કરવાને પદલે કહી રહ્યા છે કે તેમના અભિયાનને કારણે આ પેન્શન યોજના અસ્તિત્વમાં આવી. એ સુખદ છે કે લોકતાંત્રિક પ્રક્રિયા દ્વારા કર્મચારીઓના હિતમાં સકારાત્મક બદલાવ સંભવ થયો. આગામી વર્ષમાં પહેલી એપ્રિલે લાગુ થનારી આ યોજનાથી કેન્દ્રના ૨૩ લાખ કર્મચારીઓને સેવાનિવૃત્તિ બાદ યોજનાનો લાભ મળશે અને જો રાજ્ય યોજનાને લાગુ કરે ચે તો તેનો લાભ નેવું લાખ કર્મચારીઓને મળશે. જ્યારે કર્મચારીઓ માટે એનપીએસના વિકલ્પ પણ ખુલ્લા રહેશે. બીજી તરફ સરકારે ખાનગી ક્ષેત્રના કરોડો કર્મચારીઓની આર્થિક અસુરક્ષાને અનુભવતાં તેમને નવી પેન્શન સ્કીમનો લાભ આપવાની દિશામાં વિચારવું જોઈએ. જોકે કેન્દ્ર સરકારે મધ્યમ વર્ગને એક રાહત આપવાની કોશિશ તો ચોક્કસ કરી છે.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

શ્રધ્ધાવાન જ્ઞાનને પ્રાપ્ત કરે છે.

- શ્રીમદ્ ભાગવદ્ ગીતા

### : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૦, શા. શાકે. ૧૯૪૬, પા.ફરવરદીન-૧૩૯૪, મુ. સફર-૧૪૪૬, જૈન વીર સં.-૨૫૫૦, કચ્છી સં. ૨૦૮૧, ભાદરવા સુદ-૧ મીન વ્રતારંભ, શ્રી રામદેવપીરના નોરતા પ્રારંભ, ચંદ્રદર્શન, મહાવીર જન્મવાંચક તા.૪ સપ્ટેમ્બર ૨૦૨૪, બુધવાર, પારસી તા.૨૧, મુસ્લિમ તા.૩૦, ઉત્તરાફાલ્ગુની નક્ષત્ર, સાધ્ય યોગ, બાલવ કરણ, સૂ.ઉ.૬:૩૫, સૂ.અ.૭:૦૫

આજનો દિવસ મધ્યમ છે.

આજે જન્મેલા બાળકની રાશી સિંહ (મ ટ), સવારે ૯:૫૪ ક. પછી જન્મેલા બાળકની રાશી કન્યા (પ ઠ ણ) છે. - કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: મહત્વના કાર્યમાં રૂકાવટ આવે. પ્રવાસમાં હાનિ ઉદ્ભવે.
વૃષભ:જૂના શત્રુઓનું જોર વધી જાય. સરળ કાર્યો કઠીન બને.
મિથુન:આર્થિક સમસ્યામાં હળવાશ અનુભવાય.કાર્યમાં સફળતા મળે.
કર્ક: મનની મુરાદ પૂરી થાય. રોકાયેલા નાણાં છૂટા થાય.
સિંહ: લાભની નવિન તક સાંપડે. વડીલ વર્ગથી લાભ મળે.
કન્યા: કાર્યબોજમાં વધારો થાય.કાર્યમાં સાવચેતી રાખવી હિતાવહ.
તુલા: માનસિક ચિંતા હળવી બને. સમસ્યાનો ઉકેલ મળે.
વૃશ્ચિક:સામાજિક માન, યશ, પ્રતિષ્ઠામાં વધારો થાય.
ધન: આર્થિક લેવડ-દેવડથી દૂર રહેવું હિતાવહ.
મકર: અણધાર્યો લાભ મળે. મનમાં ચંચળતા રહે.
કુંભ: નાણાંકીય ભીડ અનુભવાય. ભાઈ-બહેન સાથે વાક્યયુદ્ધ થાય.
મીન: મનમાં અશાંતિ રહે. અટકી-અટકીને કાર્ય પૂર્ણ થાય.

ગુજરાતના રેશનિંગ વિતરકો માટે મોટા સમાચાર

# ઈ-પ્રોફાઈલિંગની નવી નીતિની અમલવારી પર મહત્વનો નિર્ણય

## તાજેતરમાં રેશનીગ વિતરક દુકાનદારોના મંડળ અને અન્ન નાગરિક પુરવઠા વિભાગ વચ્ચે બેઠક મળી હતી જેમાં આ રજુઆત કરવામાં આવી હતી

અમદાવાદ,તા.૪

રેશનીગ વિતરક દુકાનદારો માટે મોટા સમાચાર સામે આવ્યા હતા. જેમાં ઈ-પ્રોફાઈલિંગની અમલવારી દિવાળી બાદ કરવા રજુઆત કરવામાં આવી છે. તાજેતરમાં રેશનીગ વિતરક દુકાનદારોના મંડળ અને અન્ન નાગરિક પુરવઠા વિભાગ વચ્ચે બેઠક મળી હતી. જેમાં આ રજુઆત કરવામાં આવી હતી.

તાજેતરમાં રેશનીગ વિતરક દુકાનદારોના મંડળ અને અન્ન નાગરિક પુરવઠા વિભાગ વચ્ચે બેઠક મળી હતી. જેમાં ગુજરાત ફેર પ્રાઈઝ શોપ્સ એન્ડ કેરોસીન લાયસન્સ હોલ્ડર એસોસિએશનના સભ્યો દ્વારા ઈ-પ્રોફાઈલિંગની અમલવારી દિવાળી બાદ કરવાની રજુઆત કરાવામાં આવી હતી તેમ એસોસિએશનના પ્રમુખ પ્રહ્લાદ મોદીએ જણાવ્યુ હતુ.ત્યારે વધુમા આ બાબતે અન્ન અને નાગરિક પુરવઠા વિભાગના એમડી તુષાર ધોળકિયાએ જણાવ્યુ હતુ કે આ રૂટિન બેઠક હતી. જેમાં સરકારની યોજનાનો અમલીકરણ થાય તે વિષયે ચર્ચા કરવામાં આવતી હોય છે. તેમાં રાજ્યના તમામ દુકાનદાર માલિકોની ઈ-પ્રોફાઈલ બનાવવામા આવશે જેનો અમે આવતીકાલથી અમલ કરવાની હતા. પરંતુ એસોશિએશની રજૂઆતના આધારે દિવાળીના તહેવારો બાદ અમલવારી કરવામાં આવશે.

રાજ્યના તમામ દુકાનદાર માલિકોની ઈ-પ્રોફાઈલ બનાવવામા આવશે. અને રેશનકાર્ડ દુકાનદારોના ફિંગર પ્રિન્ટના આધારે જ રેશનિંગ દુકાનદારનું સોફ્ટવેર ઓપરેટ થઈ શકશે. જેમાં રાજ્યના ૧૭ હજાર રેશનિંગ દુકાનદારોની ઈ-પ્રોફાઈલિંગ તૈયાર થશે.

ધારાસભ્યો અને મંત્રીઓની સરભરા માટે થયેલો આ ખર્ચ મંદિર ટ્રસ્ટે ચુકવી દીધો

# અંબાજીમાં ભાજપના VIPઓની સરભરા પાછળ દેવસ્થાન ટ્રસ્ટે ચુકવ્યા ૧૨ લાખ રૂપિયા

## પરિક્રમાં દરમિયાન પ્રત્યેક રાજકારણીની બે ટાઈમ ચાનો ખર્ચ ૭૨૦ રૂપિયા અને ભોજનનો ખર્ચ ૧૭૪૫ રૂપિયા થયો છે

અંબાજી,તા.૪

અંબાજીમાં આયોજિત થયેલા ૫૧ શક્તિપીઠ મહોત્સવમાં મુખ્યમંત્રી, મંત્રીઓ અને ધારાસભ્યો સામેલ થયા હતા. આ મંત્રીઓના ચા-પાણી, નાસ્તા અને ભોજન સહિતની સરભરામાં ૧૧ લાખ ૩૩ હજાર ૯૨૪ રૂપિયાનો ખર્ચ થયો હતો. આ ખર્ચ સામાન્ય રીતે સરકારના સરભરા બજેટમાંથી ચુકવવાનો થતો હોય છે. પરંતુ આ VIP પરિક્રમાનો તમામ ખર્ચ અંબાજી દેવસ્થાન ટ્રસ્ટના માથે નાખવામાં આવ્યો અને દેવસ્થાન ટ્રસ્ટે આ તમામ ખર્ચ ચુકવી દીધો છે.આ પરિક્રમાં દરમિયાન પ્રત્યેક રાજકારણીની બે ટાઈમ ચાનો ખર્ચ ૭૨૦ રૂપિયા અને ભોજનનો ખર્ચ ૧૭૪૫ રૂપિયા થયો છે. મુખ્યમંત્રી, કેબિનેટ મંત્રી, ધારાસભ્યો અને પાર્ટીના નેતાઓ ફેબ્રુઆરી મહિનામાં બજેટ સત્ર બાદ ૫૧ શક્તિપીઠ પરિક્રમાં મહોત્સવમાં ગયા હતા. આ તમામ VIP ના ભોજન, ચા-નાસ્તાના ખર્ચની ચોંકાવનારી વિગતો સામે આવી છે.આ ખર્ચને લઈને હવે કોંગ્રેસ પણ મેદાનમાં આવી છે અને સરકાર સામે સવાલ ઉઠાવ્યા છે.કોંગ્રેસે આક્ષેપ કર્યો છે કે ભાજપના ધારાસભ્યોની આગતા સ્વાગતા માટે એક ટાઈમ હાઈ ટી ૩૬૦ રૂ.ની કિંમતની ગબ્બર ખાતે અને બીજી ચા સર્કિટ હાઉસ ખાતે આપવામાં આવી હતી. આ બે ટાઈમની ચા નો ખર્ચ ૭૨૦ રૂપિયા ચુકવાયો છે. આ ઉપરાંત ૧૭૪૫ રૂપિયાની મોંઘી ભોજનની ડીશ પણ પીરસવામાં આવી હતી. આમ કુલ બે ટાઈમ ચાના ૭૨૦ રૂપિયા અને ભોજનના પ્રતિ ડીશ ૧૭૪૫ રૂપિયા લેખે અંદાજે ૧૨ લાખ જેટલો ખર્ચ થયો. પરંતુ આ ખર્ચ અંબાજી મંદિર ટ્રસ્ટમાંથી ચૂકવવામાં આવ્યો હતો. જેને લઈને દાંતાના કોંગ્રેસના ધારાસભ્ય કાંતિ ખરાડી, કોંગ્રેસના પ્રવક્તા હેમાંગ રાવલ સહિતના આગેવાનોએ વહીવટદારને આવેદનપત્ર પાઠવી સરકારને ઘેરી.

આ મામલે કોંગ્રેસના નેતાઓએ ચીમકી ઉચ્ચારી છે કે જો મંદિર ટ્રસ્ટ દ્વારા ચૂકવેલા રૂપિયા ટ્રસ્ટમાં પરત જમા નહીં થાય તો કોંગ્રેસ ભાજપના તમામ ધારાસભ્યોના વિસ્તારો જશે. જ્યાં અંબાજી મંદિરના QR કોડના માધ્યમથી જે-તે MLAના વિસ્તારના લોકો પાસેથી રૂપિયા ઉઘરાવવામાં આવશે, અને એ રૂપિયા ટ્રસ્ટમાં ફરી જમા કરાવવામાં આવશે.

# ૬ સપ્ટેમ્બરે સુરતથી જલસંચય જનભાગીદારી યોજનાનો શુભારંભ થશે

## નરેન્દ્ર મોદી આ પ્રસંગે વર્ચ્યુઅલ ઉપસ્થિત રહીને માર્ગદર્શન આપવાના છે. કેન્દ્રિય જલશક્તિ મંત્રી સી. આર. પાટિલ તથા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સુરતથી કાર્યક્રમમાં જોડાશે

અમદાવાદ,તા.૪

કેન્દ્રિય જલશક્તિ મંત્રાલય અને ગુજરાત સરકારના સંયુક્ત ઉપક્રમે ૬ સપ્ટેમ્બરે સુરતથી જલસંચય જનભાગીદારી યોજનાનો શુભારંભ થવાનો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી આ પ્રસંગે વર્ચ્યુઅલ ઉપસ્થિત રહીને માર્ગદર્શન આપવાના છે. કેન્દ્રિય જલશક્તિ મંત્રી સી. આર. પાટિલ તથા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સુરતથી કાર્યક્રમમાં જોડાશે. કેન્દ્રિય જલશક્તિ મંત્રાલય દ્વારા દેશના રાજ્યોમાં જળસંચય સંબંધિત કામગીરી માટે 'કેચ ધ રેઈન, વ્હેર ઈટ ફોલ્સ-વ્હેઈન ઈટ ફોલ્સપ' થીમ સાથે ૨૦૨૧થી જળશક્તિ અભિયાન હાથ ધરાય છે. ૨૦૨૪ના આ વર્ષમાં 'નારીશક્તિ સે જલશક્તિ' થીમ સાથે ૯ માર્ચ ૨૦૨૪થી ૩૦ નવેમ્બર ૨૦૨૪ સુધી જળશક્તિ અભિયાન યોજાઈ રહ્યું છે.મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના જિલ્લા કલેક્ટરો સાથે વિડિયો કોન્ફરન્સ બેઠક યોજીને અભિયાનને વ્યાપક સફળ બનાવવા માટે માર્ગદર્શન આપ્યું હતું. મુખ્યમંત્રીએ રાજ્યમાં વરસાદી સ્થિતિની સમીક્ષા પણ આ કોન્ફરન્સ દરમ્યાન કરી હતી. તેમણે કહ્યું કે હવે જ્યારે વરસાદે વિરામ લીધો છે અને વરસાદી સ્થિતિમાંથી આપણે બહાર આવી રહ્યા છીએ ત્યારે અસરગ્રસ્ત જિલ્લાઓમાં સફાઈ લોકોની આરોગ્ય સુખાકારી, માર્ગોની તાકીદે મરામતને અગ્રતા અપાય, એટલું જ નહીં, સર્વે કરીને કેશડોલ્સ અને ઘરવખરી સહાયનું પણ ચૂકવણું અસરગ્રસ્તોને ત્વરાએ થાય તેને પ્રાધાન્ય આપીએ. મુખ્યસચિવ રાજકુમાર તેમજ મુખ્યમંત્રીના અધિક મુખ્ય સચિવ પંકજ જોષી , એમ કે દાસ તેમજ વરિષ્ઠ સચિવો આ વીડિયો કોન્ફરન્સમાં સહભાગી થયા હતા.

# નર્મદા ડેમની જળ સપાટીમાં સતત વધારો, ૧૩૪.૭૩ મીટર પહોંચતા ૧૫ દરવાજા ખોલાયા

અમદાવાદ,તા.૪

હવામાન વિભાગની આગાહી વચ્ચે ગુજરાતના અનેક જિલ્લાઓમાં ધોધમાર વરસાદ વરસ્યો છે. નર્મદા ડેમની જળ સપાટીમાં સતત વધારો થયો છે. નર્મદા ડેમની જળ સપાટી ૧૩૪.૭૩ મીટર પર પહોંચી છે. નર્મદા ડેમમાંથી પાણીની આવક વધતા ડેમના ૧૫ દરવાજા ૨ મીટર ખોલવામાં આવ્યા છે.

દરવાજા ખોલી ૨ લાખ ક્યુસેક પાણી છોડવામાં આવ્યુ છે. પાવર હાઉસ મારફતે ૪૫ હજાર ક્યુસેક પાણી નદીમાં છોડયુ છે. નદીમાં કુલ ૨ લાખ ૪૫ હજાર ક્યુસેક પાણી છોડવામાં આવ્યુ છે. નર્મદા જિલ્લામાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૭ ઈંચ વરસાદ વરસ્યો છે.બીજી તરફ સાબરકાંઠામાં સાર્વત્રિક વરસાદી માહોલથી ડેમમાં નવા નીરની આવક થઈ છે. જિલ્લાના મુખ્ય જળાશયોમાં પાણીની આવક નોંધાઈ છે. ધરોઈ, ગુહાઈ, હાથમતી અને હરણાવ ડેમમાં નવા નીરની આવક જોવા મળી છે. ધરોઈ ડેમમાં ૧૧,૧૧૧ ક્યુસેક પાણીની આવક નોંધાઈ છે. ધરોઈ ડેમની સપાટી ૧૮૫.૮૨ મીટર, પાણીનો જથ્થો ૫૭.૬૮ ટકા છે. હાથમતી જળાશયમાં ૩૫૦ ક્યુસેક આવક, પાણીનો જથ્થો ૩૮.૨૩ ટકા જોવા મળ્યો છે. ગુહાઈ ડેમમાં ૧૫૩૫ ક્યુસેક પાણીની આવક, ૩૫.૨૩ ટકા જથ્થો છે. આ તરફ હરણાવ ડેમમાં ૧૧૦ ક્યુસેક આવક સામે ૧૧૦ ક્યુસેક જાવક કરવામાં આવી છે.

# એમડી અરૂણ મહેશ બાબુના નેતૃત્વ હેઠળ યુજીવીસીએલની ટીમે દિવસરાત જોયા વગર વરસાદના લીધે બંધ થયેલી લાઈનો શરૂ કરી હતી

અમદાવાદ,તા.૪

રાજયમાં વરસાદના સમયમાં પણ વીજપુરવઠો જાળવી રાખવા માટે ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ (UGVCL)એ શાનદાર કામગીરી બજાવી છે. વરસાદના સમયમાં ભારે અંધારાના લીધે વીજપુરવઠાની ખૂબ જ જરૂરત પડતી હોય છે. આ બાબતને ધ્યાનમાં રાખીને એમડી અરૂણ મહેશ બાબુના નેતૃત્વ હેઠળ યુજીવીસીએલની ટીમે દિવસરાત જોયા વગર વરસાદના લીધે બંધ થયેલી લાઈનો શરૂ કરી હતી. યુજીવીસીએલની ટીમે જીવના જોખમે કામગીરી બજાવતા ચાલુ લાઈનમાં રિપેરિંગ કર્યુ હતુ. જીવના જોખમે વીજ કંપનીના કર્મચારીઓએ કામગીરી કરી હતી. લોકોએ તેમની કામગીરીને રીતસરની સલામ કરી હતી. યુજીવીસીએલના કર્મચારીઓની કામગીરીના લીધે અંધારપટનો ભોગ બનેલા ગામડાઓમાં વીજપ્રવાહ શરૂ થઈ ગયો હતો. આ કર્મચારીઓ ગળાડૂબ પાણી જ્યાં ચાલવું પણ મુશ્કેલ છે તેની અંદર ઉતરીને કામગીરી કરી હતી. આ કંઈ મેન વિ. વાઈલ્ડનો શો પણ નથી, પણ યુજીવીસીએલના કર્મચારીઓની કામગીરી આ શોથી કંઈ કમ નથી. તમે પણ તેની કામગીરી જુશો તો તેને સલામ કર્યા વગર નહીં રહી શકો. આ પહેલાં વડોદરા વિસ્તારમાં આવેલ ૬૬કેવી વિધુતનગર સબ-સ્ટેશન અને ૬૬કેવી અટલાદરા સબ-સ્ટેશન સંપૂર્ણપણે પાણીમાં ગરકાવ થવાથી તેમનો વીજ પુરવઠો બંધ કરવામાં આવેલ જેમાંથી નીકળતા બધાજ ૧૧કેવી ફિડરો બંધ કરવામાં આવેલ. તા. ૨૯.૦૮.૨૦૨૪ના રોજ પૂરના પાણી ઉતરતા કુલ બે દિવસમાં એટલે કે તા. ૩૦.૦૮.૨૦૨૪ ના રોજ ચાલુ કરીને અભૂતપુર્વ કામગીરી કરવામાં આવી હતી. મધ્ય ગુજરાત વીજ કંપનીની (MGVCL) વડોદરા શહેરની વિવિધ કચેરીઓની ટીમ દ્વારા ચાલુ વરસાદ અને કેડસમા પાણીમાં વીજ પુરવઠો પૂર્વવત કરવા કામગીરી હાથ ધરેલ અને તે માટે ૩૦૦ ડિપાર્ટમેન્ટલ તથા કોન્ટ્રાકટરની ટીમો ફાળવેલ હતી. તેમજ ૩૫ ટીમો દક્ષિણ ગુજરાત વીજ કંપનીમાથી પણ મદદ માટે બોલાવેલ. જેઓએ તા. ૨૯.૦૮.૨૦૨૪ અને ૩૦.૦૮.૨૦૨૪ એમ બે દિવસની અંદર તમામ બંધ થયેલ ફિડરો તેમજ ટ્રાન્સફોર્મરનો વીજ પુરવઠો પૂર્વવત કરી દીધેલ તેમજ અન્ય છૂટા છવાયા બંધ વીજ કનેક્શનની કામગીરી પણ હાથ ધરવામાં આવેલ હતા. ઉપરાંત મધ્ય ગુજરાત વીજ કંપની દ્વારા આણંદ, નડીઆદ, ગોધરા, દાહોદ તેમજ મહીસાગર વિસ્તારની વિવિધ વીજ કંપનીના લાઈન સ્ટાફ કર્મચારીઓએ પણ ભરાયેલ પાણીમાં કામગીરી કરીને વીજ પુરવઠો પૂર્વવત કરી દીધેલ. વધુમાં તે વિસ્તાર માટે ઉત્તર ગુજરાત વીજ કંપનીની પણ ૧૪ ટીમો મદદ માટે બોલાવેલ. MGVCLની વડોદરા તેમજ અન્ય જિલ્લાઓમાં મળીને કુલ ૯૯૨ ગામડાઓ તેમજ ૪૫૫ ફિડરોનો વીજ પુરવઠો ૩૧ ઓગસ્ટ ૨૦૨૪ સુધીમાં પૂર્વવત કરવામાં આવેલ છે.

હાલમાં જે છૂટા છવાયા જગ્યાઓએ કામ બાકી રહેલ હશે તે પણ માહિતી મળ્યે પૂર્ણ કરવામાં આવશે. MGVCL નું "Centralized Call Centre (CCC)"નર્મદા ભવન, વડોદરા ખાતે કાર્યરત છે. જ્યાં તા. ૨૬થી ૨૯ ઓગસ્ટ સુધીમાં અંદાજિત એક લાખ કરતાં પણ વધુ કોલ રિસીવ થયેલ હતા જે સામાન્ય વરસાદની સિઝન કરતાં પાંચ ગણા વધારે છે.

# અમદાવાદમાં ડેન્ગ્યુ અને ચિકનગુનિયાના કેસોમાં વધારો

અમદાવાદ,તા.૪

અમદાવાદમાં છેલ્લા એક મહિનાથી સતત વરસાદ અને ભેજવાળુ વાતાવરણ જોવા મળી રહ્યું છે. નવરંગપુરા, થલતેજ ઉપરાંત ગોતા સહિતના વિસ્તારોમાં ડેન્ગ્યુ અને ચિકનગુનિયાના કેસમાં વધારો થયો છે. ઓગસ્ટ મહિનામાં શહેરમાં ડેન્ગ્યુના ૬૮૮ કેસ નોંધાયા હતા. સરખેજ, ચાંદખેડા, થલતેજ અને અસારવા વોર્ડમાં ચિકનગુનિયાના છ કેસ નોંધાયા છે. ગોતા, થલતેજ, નવરંગપુરા અને વસ્ત્રાલ વોર્ડમાં સૌથી વધુ ડેન્ગ્યુના કેસ છે જે શહેરમાં સૌથી વધુ છે.

મહિના દરમિયાન મચ્છરજન્ય અને પાણીજન્ય રોગોના કેસોમાં સતત વધારો થઈ રહ્યો છે. ૨૪ ઓગસ્ટ સુધીમાં ડેન્ગ્યુના ૪૮૮ કેસ નોંધાયા હતા. ૩૧ ઓગસ્ટ સુધી એક જ સપ્તાહમાં ડેન્ગ્યુના કેસમાં ૨૦૦નો વધારો થયો છે. ૩૧ ઓગસ્ટ સુધી ડેન્ગ્યુના કેસમાં વધારો થયો છે. કુલ ૬૮૮ કેસ નોંધાયા છે.

સરખેજ ઉપરાંત ગોતા, થલતેજ અને નવરંગપુરા અને વસ્ત્રાલ વોર્ડ. ડેન્ગ્યુના કેસોની સંખ્યા વધી રહી છે. મહાનગરપાલિકાના ઈન્ચાર્જ મેડીકલ ઓફિસર હેલ્થ ડોકટરે જણાવ્યું હતું કે મચ્છરોની ઉત્પત્તિને નિયંત્રણમાં લેવા માટે મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગ દ્વારા વિવિધ વોર્ડ વિસ્તારોમાં ફોગીંગ અને અન્ય ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે. ઘણા લોકો તેમના ઘરમાં પક્ષીઓ રાખે છે. આ બર્ડ ફીડરમાં મચ્છરોની ઉત્પત્તિ પણ જોવા મળી છે.તંત્રએ નાગરિકોને પક્ષીઓના છોડને સાફ કરવા અને પાણી ભરાયેલા પાણીનો નિકાલ કરવા અપીલ કરી હતી. તંત્રએ પાણી ભરાયેલા ટાયર સહિત કાઢી નાખવામાં આવેલ કાટમાળને દૂર કરવા પણ અપીલ કરી હતી. પાણીજન્ય રોગોના કેસો પણ વધી રહ્યા છે. શહેરના વિવિધ વિસ્તારોમાંથી પાણીના સેમ્પલ લેવામાં આવ્યા હતા.

# નર્મદાના અશ્વિન નદીના ધસમસતા પ્રવાહમાં યુવક તણાયો

## તિલકવાડા પોલીસ અને SDRF ટીમ દ્વારા દિલધડક રેસ્ક્યુ કરીને કલાકોની મહેનત બાદ યુવકને સલામત બચાવી લેવામાં આવ્યો

અમદાવાદ,તા.૪

નર્મદાના રામપુરી અને પીછીપુરા વચ્ચેથી પસાર થતી અશ્વિન નદીના ધસમસતા પાણીમાં પીક અપ ગાડી સાથે એક યુવક તણાયો છે. તિલકવાડા પોલીસ અને SDRF ટીમ દ્વારા દિલધડક રેસ્ક્યુ કરીને કલાકોની મહેનત બાદ યુવકને સલામત બચાવી લેવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છે કે, હાલ હવામાન વિભાગ દ્વારા કરવામાં આવેલી આગાહીને પગલે છેલ્લા એક સપ્તાહથી સમગ્ર ગુજરાતમાં ભારે વરસાદ પડી રહ્યો છે તો બીજી તરફ ઉપરવાસમાં પડી રહેલા સતત વરસાદને પગલે નર્મદા જિલ્લામાંથી પસાર થતી નર્મદા અશ્વિન અને મેણ નદીમાં હાલ પૂરની પરિસ્થિતિ સર્જાઈ છે ત્યારે વહીવટી તંત્ર દ્વારા કાંઠા વિસ્તારમાં આવતા ગામોને એલર્ટ કરવામાં આવ્યા છે અને નદી તરફ નહીં જવા માટે અપીલ કરવામાં આવી છે. પરંતુ તેમ છતાં ઘણીવાર લોકો નદી તરફ જતા હોય છે અને ગંભીર ઘટના સામે આવતી હોય છે આવી જ એક ઘટના ગત રોજ તિલકવાડા તાલુકાના રામપુરી અને પીછીપુરા વચ્ચે આવેલી અશ્વિન નદીમાં બની છે. અશ્વિન નદી ઉપર આવેલો કોઝવે ખૂબ જ નીચી સપાટીનો હોય ત્યારે ઉપરવાસમાં સતત પડી રહેલા વરસાદને કારણે હાલ અશ્વિન નદીમાં ઘોડાપૂરની પરિસ્થિતિ સર્જાય છે અને બ્રિજ ઉપરથી ધસમસતા પાણી પસાર થઈ રહ્યા છે. ત્યારે ગત રોજ રાત્રિના રાજસ્થાનના ગંગાપુર જિલ્લાના દાતાસુતિ ગામનો રવિરાજ ફૂલમીના નામનો એક યુવક પોતાની પીક અપ ગાડી લઈ રામપુરી અને પીછીપુરા વચ્ચેથી પસાર થતી અશ્વિન નદીના કોઝવે ઉપરથી પસાર થતો હોય ત્યારે અશ્વિન નદીના ધસમસતા પાણીમાં પીક અપ ગાડી સાથે ખેંચાયો હતો અને બચાવ બચાવની બૂમો પાડતા સ્થાનિક લોકો સ્થળ પર દોડી આવ્યા હતા. આ ઘટનાની જાણ થતાં જ તિલકવાડા PSI જે. એમ. લટા સ્ટાફના માણસો સાથે સ્થળ પર દોડી આવ્યા હતા અને SDRF ની ટીમનો કોન્ટેક્ટ કરી કલાકોની ભારે મહેનત બાદ દિલધડક રેસ્ક્યુ કરીને યુવકને સલામત રીતે બચાવી લીધો હતો.

# પતિના ડેથ સર્ટિફિકેટમાં ભૂલ સુધારવા આનાકાની બદલ હાઈકોર્ટે અમદાવાદ.મ્યુ.કો.ની ઝાટકણી કાઢી




અમદાવાદ, તા.૪

અમદાવાદમાં રહેતા સિનિયર સિટીઝન મહિલાના પતિના ડેથ સર્ટિફિકેટમાં ભૂલ સુધારવામાં આનાકાની અને ભારે વિલંબ કરવાના કેસમાં ગુજરાત હાઈકોર્ટ દ્વારા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની આકરા શબ્દોમાં ઝાટકણી કાઢવામાં આવી હતી. એટલું જ નહિ અમ્યુકોના નાયબ મ્યુનિસીપલ કમિશનરને હાજર રહીને અદાલતની માફી માંગવી પડી હતી. ત્યારબાદ તેઓએ મહિલાના પતિના મૃત્યુના પ્રમાણપત્રમાં ભૂલ સુધારી આપવાની ખાતરી આપી હતી. અરજદાર મહિલા તરફથી રિટ અરજીમાં જણાવાયું હતું કે, તેના પતિની સિવિલ હોસ્પિટલમાં સારવાર થઈ હતી અને તે દરમ્યાન તેમના મૃત્યુ બાદ તેણે અમ્યુકોમાંથી તેમના મરણનું પ્રમાણપત્ર કઢાવ્યું હતું જો કે, અમ્યુકોએ તેમના પતિના નામના સ્પેલીંગમાં ભૂલ કરી હતી અને હવે સુધારો કરી આપવાની ના પાડે છે અને કેટલાય મહિનાઓથી તેને ધક્કા ખવડાવી રહ્યા છે. આ બાબતે હાઈકોર્ટે ગંભીર નોંધ લીધી હતી અને અંતે અમ્યુકોને કડક તાકીદ કરી હતી કે, આવી અરજીઓ કિસ્સાઓમાં અમ્યુકો સત્તાધીશોએ યોગ્ય નિકાલ કરવો અને કોર્ટનું બિનજરૂરી ભારણ વધારવુ નહીં. બીજી બાજુ હાઈકોર્ટે અમ્યુકો સત્તાધીશોની આકરી ટીકા કરતાં જણાવ્યું કે, ચાર મહિનાથી સિનિયર સિટીઝન મહિલા અમ્યુકો અને સિવિલ હોસ્પિટલ વચ્ચે ધક્કા ખાઈ રહી છે. સર્ટિફિકેટમાં સુધારો કરી આપવાની જગ્યાએ અમ્યુકો કર્મચારીઓએ તેને સિવિલ હોસ્પિટલના ધક્કા ખવડાવ્યા છે. આ કેસની સુનાવણી દરમ્યાન સાઉથ ઝોનના ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનરને અદાલત સમક્ષ હાજર રહેવું પડ્યું હતું અને તેમણે હાઈકોર્ટની બિનશરતી માફી માંગી હતી. તેમણે મહિલાના પતિના ડેથ સર્ટિફિકેટમાં પુરાવા રજૂ થયેથી જરૂરી સુધારો કરી આપવાની ખાતરી આપી હતી. સાથે સાથે ભવિષ્યમાં આવુ નહી થાય તેવી કોર્ટને હૈયાધારણ આપી હતી. હાઈકોર્ટે ટકોર કરી હતી કે, બધા દસ્તાવેજો ચેક કરીને યોગ્ય ખરાઈ કર્યા બાદ મૃત્યુનું પ્રમાણપત્ર સુધારી આપવાની અમ્યુકોની જવાબદારી છે અને પ્રસ્તુત કેસમાં ખુદ અમ્યુકો કર્મચારીઓની જ ભૂલ હોવા છતાં સિનિયર સિટીઝન મહિલાને ધક્કા ખવડાવાયા છે અને તેને ભૂલ સુધારી આપવામાં આવી નથી. આ પ્રકારની અરજીઓ આવે તો તેનો યોગ્ય રીતે નિકાલ કરવા હાઈકોર્ટે અમ્યુકો સત્તાધીશોને ટકોર કરી હતી અને પક્ષકારોને આવી નાની વાતોમાં કોર્ટ સુધી આવવું ના પડે અને બિનજરૂરી રીતે કોર્ટનું ભારણ નહીં વધારવા કડક તાકીદ કરી હતી.

# કંગના રણૌત ભાજપ માટે માથાનો દુઃખાવો બની ગઈ છે પરંતુ શું કરવું તે ખબર નથી




નવી દિલ્હી તા.૪

કંગના રણૌતે સતત વિવાદાસ્પદ નિવેદનો કરીને ભાજપને મુશ્કેલીમાં મુકી દીધી છે, એટલા માટે પાર્ટીએ તેમની સામે ગેગ ઓર્ડર જારી કરવો પડ્યો. રાણાવતને મેનેજ કરવાનું ભાજપ નેતૃત્વને કેમ મુશ્કેલ લાગી રહ્યું છે ? બીજેપી નેતૃત્વ ખૂબ જ વિચિત્ર સમસ્યાનો સામનો કરી રહ્યું છે અને તેનું નામ કંગના રણૌત છે. મંડીના સાંસદ એક પછી એક વિવાદાસ્પદ નિવેદનો માટે સમાચારમાં રહ્યા છે. ૨૦૨૦-૨૧ના ખેડૂતોના વિરોધ દરમ્યાન બળાત્કારના આરોપથી લઈને જાતિની વસ્તી ગણતરીની માંગની ખુલ્લેઆમ ટીકા કરવા સુધી. મામલો એટલી હદે વધી ગયો કે ભાજપે તેમની સાથે "અસંમતિ" વ્યક્ત કરતું નિવેદન બહાર પાડવું પડ્યું અને સ્પષ્ટતા કરવી પડી કે તેઓ "નીતિના મુદ્દાઓ ઉપર નિવેદનો આપવા માટે અધિકૃત નથી". હવે ભાજપ મોટાભાગે એક એવા પક્ષ તરીકે ઓળખાય છે કે જેના નેતાઓ ભાગ્યે જ તેમના જાહેર નિવેદનોમાં પાર્ટી લાઈનથી વિચલિત થાય છે. તેથી તે ખરેખર મોટી વાત છે કે પાર્ટીએ તેમનાથી દૂર રહેવા માટે આટલું કડક નિવેદન બહાર પાડવું પડ્યું. એટલું જ નહીં, તેમને પાર્ટી અધ્યક્ષ જેપી નડ્ડા દ્વારા ૨૯ ઓગસ્ટના રોજ બોલાવવામાં આવ્યા હતા. પણ વાત એટલી સરળ નથી. એ વાતને નકારી શકાય નહીં કે રણૌતને વિચિત્ર નિવેદનો કરવાની આદત છે. પરંતુ એ પણ સાચું છે કે તે ભાજપના કાર્યકરોના એક વર્ગમાં તેમજ સોશિયલ મીડિયા ઉપર હિંદુત્વ તરફી તત્વોમાં લોકપ્રિય છે. તો ભાજપ નેતૃત્વ અને અભિનેત્રીમાંથી રાજકારણી બનેલા રાણાવત વચ્ચે ખરેખર શું ચાલી રહ્યું છે ? અને શું પક્ષ તેમને અસરકારક રીતે સંભાળી શકશે ?

**"તમે સારો પ્રશ્ન કર્યો છે પણ તમારા પ્રશ્ને મને દુઃખ પહોંચાડ્યું"**

કંગના રણૌતની સુપરહિટ ફિલ્મ તનુ વેડ્સ મનુ રિટર્ન્સનો આ સૌથી ફેમસ ડાયલોગ હતો. જો કે તે ફિલ્મમાં અભિનેતા દીપક ડોબરિયાલે કહ્યું હતું, તે રાણાવતને તેના તાજેતરના ઈન્ટરવ્યુ પછી વધુ લાગુ પડે છે. તાજેતરના ઈન્ટરવ્યુમાં ખેડૂતોના વિરોધ અંગે રણૌતની ટિપ્પણીઓએ ભાજપને પહેલેથી જ મુશ્કેલીમાં મૂકી દીધી છે, ખાસ કરીને હરિયાણામાં આગામી મહિને યોજાનારી વિધાનસભાની ચૂંટણીને ધ્યાનમાં રાખીને જે ખેડૂતોના વિરોધનું કેન્દ્ર છે. આ નિવેદન ઉપર ભાજપે જોરદાર જવાબ આપ્યો છે. પાર્ટીએ જણાવ્યું કે, "ભાજપ સાંસદ કંગના રણૌત દ્વારા ખેડૂતોના આંદોલનના સંદર્ભમાં આપવામાં આવેલ નિવેદન પાર્ટીનો અભિપ્રાય નથી. બીજેપી કંગના રણૌતના નિવેદન સાથે અસંમત છે. પાર્ટી કંગના રણૌતને પાર્ટીની નીતિના મુદ્દાઓ ઉપર નિવેદન આપવાની મંજૂરી આપતી નથી. તેથી ન તો તેમને મંજૂરી છે અને ન તો તે કરવાનો અધિકાર છે." ભાજપે તેમને ભવિષ્યમાં આવું કોઈ નિવેદન ન કરવા સૂચના આપી છે." કંગના રણૌતની ટિપ્પણી ઉપર બીજેપીનું નિવેદન જો હરિયાણાની ચૂંટણી ન થઈ હોત, તો પાર્ટી તેનને રાણાવતના અંગત અભિપ્રાય તરીકે સરળતાથી ફગાવી શકી હોત. પરંતુ વિરોધ કરી રહેલા ખેડૂતોને "બળાત્કારી" કહેવાનું સ્પષ્ટપણે ન હતું. લલનટોપના સૌરભ દ્વિવેદી સાથેના તેમના ઈન્ટરવ્યુમાં, રણૌતે કહ્યું, "આવું બિલકુલ ન થવું જોઈએ" આ મુદ્દે ભાજપના સાવચેતીભર્યા અભિગમને કારણે જ્યારે દ્વિવેદીએ દલિત જાતિઓ માટે હકારાત્મક કાર્યવાહીનો મુદ્દો ઉઠાવ્યો ત્યારે રણૌતે જણાવ્યું કે, "અનામત માત્ર ગરીબો માટે જ હોવી જોઈએ." તેઓ ગરીબ છે", દેખીતી રીતે જાતિના ભેદભાવને નકારી કાઢે છે. કમનસીબે રનૌત માટે શરમનો અંત ન આવ્યો. તેમણે ખોટી રીતે ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદને "રામ કોવિડ જી" તરીકે ઓળખાવ્યા અને તેમને "ભારતના પ્રથમ દલિત રાષ્ટ્રપતિ" તરીકે ખોટી ઓળખ આપી. ઈન્ટરવ્યુ લેનારએ તરત જ ધ્યાન દોર્યું કે કેઆર નારાયણન હકીકતમાં પ્રથમ દલિત રાષ્ટ્રપતિ હતા અને રણૌતે "ખોટી માહિતી" હોવા બદલ માફી માંગવી પડી હતી.

# ભીષણ દુષ્કાળ વચ્ચે માંસ માટે હાથીઓને મારવાની નામિબિયાની યોજના : અહેવાલ

(એજન્સી) તા.૪

દક્ષિણ આફ્રિકન રાષ્ટ્ર તેની ૧.૪ મિલિયનની વસ્તીને ખવડાવવા માટે ૮૩ હાથીઓ સહિત ૭૦૦ થી વધુ જંગલી પ્રાણીઓને મારી નાખવાની યોજના ધરાવે છે. ગંભીર દુષ્કાળની વચ્ચે નામિબિયા દેશમાં હાથીઓને મારી નાખી તેમની ભૂખની કટોકટીનો ઉકેલ લાવવાની યોજના ધરાવે છે જેણે તેમની અડધી વસ્તી એવા લગભગ ૧.૪ મિલિયન લોકોને અસર કરી છે. મીડિયા અહેવાલ અનુસાર દેશના પર્યાવરણ, વનસંવર્ધન અને પર્યટન મંત્રાલયે જણાવ્યું હતું કે,આફ્રિકન દેશની વ્યૂહરચનામાં ૮૩ હાથીઓ સહિત ૭૨૩ જંગલી પ્રાણીઓને મારી નાખવાનો સમાવેશ થાય છે, જેનો 'સીધો સાદો' અર્થ એ થાય છે કે તે 'આપણા બંધારણીય આદેશને અનુરૂપ છે કે જ્યાં આપણા કુદરતી સંસાધનોનો ઉપયોગ નામીબિયાના નાગરિકોના લાભ માટે થાય'. યુનાઈટેડ નેશન્સ એન્વાયરમેન્ટ પ્રોગ્રામના આફ્રિકા ઓફિસના ડિરેક્ટર રોઝ મ્વેબાઝાએ મીડિયાને કહ્યુંઃ 'સ્વસ્થ જંગલી પ્રાણીઓની વસ્તીની સારી રીતે વ્યવસ્થાપિત, ટકાઉ કતલ સમુદાયો માટે ખોરાકનો અમૂલ્ય સ્ત્રોત બની શકે છે.' જુનમાં યુએન વર્લ્ડ ફૂડ પ્રોગ્રામ મુજબ, દક્ષિણ આફ્રિકા દુષ્કાળથી પીડાઈ રહ્યું છે, સમગ્ર પ્રદેશમાં ૩૦ મિલિયનથી વધુ લોકો અસરગ્રસ્ત છે. યુ.એસ. એજન્સી ફોર ઈન્ટરનેશનલ ડેવલપમેન્ટના પ્રવક્તા બેન્જામિન સુરાતોના જણાવ્યા અનુસાર, દુષ્કાળ એ પ્રદેશમાં એક સામાન્ય ઘટના છે, ખાસ કરીને ૨૦૧૮ થી ૨૦૨૧ દરમ્યાન વારંવાર દુકાળ પડ્યો છે. જો કે, હાલમાં દક્ષિણ આફ્રિકામાં જે દુષ્કાળ પડે છે તે પહેલા કરતા વધુ વ્યાપક અને વિનાશક છે. નમિબિયામાં વર્લ્ડ વાઈલ્ડલાઈફ ફંડના કન્ટ્રી ડિરેક્ટર જુલિયન ઝેઈડલરે જણાવ્યું હતું કે, 'લોકો માટે કોઈ ખોરાક નથી અને પ્રાણીઓ માટે કોઈ ખોરાક નથી.' બેન્જામિન સુઆરાતો માને છે કે આ વર્ષના ગંભીર દુષ્કાળના મુખ્ય કારણોમાંનું એક અલ નીનો છે, જે વિશ્વના ભાગોમાં ગરમ, સૂકા હવામાન સાથે સંકળાયેલ કુદરતી રીતે બનતી આબોહવાની પેટર્ન છે. શ્રી સુઆરતોએ જણાવ્યું હતું કે,આ આબોહવાની પેટર્નના પુનરાગમનને કારણે 'વિક્રમજનક દુષ્કાળ સર્જાયો છે જેમાં પ્રદેશના કેટલાક ભાગોમાં વાર્ષિક અડધાથી ઓછો વરસાદ પડ્યો છે,'. નમિબીઆમાં દુષ્કાળને કારણે તેમના તમામ મુખ્ય પાક સૂકાઈ ગયા છે અને તેમના પશુધન નાશ પામ્યું છે, તેમને તેમના ખોરાકના આગલા સ્ત્રોત તરીકે જંગલી પ્રાણીઓને ખાવાની ફરજ પડી છે. હાથીઓ ઉપરાંત, ૩૦૦ ઝેબ્રા, ૩૦ હિપ્પો, ૫૦ ઈમ્પાલા, ૬૦ ભેંસ, ૧૦૦ વાદળી વાઈલ્ડબીસ્ટ અને ૧૦૦ એલેન્ડ્સ (એક પ્રકારનું કાળિયાર) પણ કસાઈવાડે જવાના છે. જ્યારે માંસ એક કારણ છે, ત્યારે મનુષ્યાસાથેના ખતરનાક મુકાબલોને ઘટાડવા માટે પ્રાણીઓની પણ હત્યા કરવામાં આવી રહી છે, જે વધુ વારંવાર બની શકે છે કારણ કે મનુષ્ય અને પ્રાણીઓ બંને પાણી અને ખોરાક માટે એકબીજાથી સ્પર્ધા કરે છે.

# રાજ્યમાં ગગનચુંબી ઈમારતોના પ્રોજેક્ટ્સમાં નોંધાયો ઉછાળો : ૩૦ નવી ઈમારતોને મળી મંજૂરી

અમદાવાદ, તા.૪

દર વર્ષે ૩જી સપ્ટેમ્બરે આંતરરાષ્ટ્રીય સ્કાયસ્ક્રેપર દિવસ ઉજવવામાં આવે છે. ગુજરાત માટે આ દિવસ ખૂબ મહત્વનો છે કેમ કે, તાજેતરના વર્ષોમાં રાજ્યમાં અનેક ગગનચુંબી ઈમારતો નિર્માણ પામી રહી છે અને આ દિશામાં ઝડપથી આગળ વધી રહ્યું છે. વર્ષ ૨૦૧૭ સુધી ગુજરાતમાં ઈમારતો માટે મહત્તમ ૭૦ મીટરની ઊંચાઈ માન્ય હતી. શહેરી વિસ્તરણની જરૂરિયાત અને વર્ટિકલ ગ્રોથની સંભાવનાને ઓળખીને રાજ્ય સરકારે ૧૦૦ મીટરથી વધુ ઊંચી, આઈકોનિક બિલ્ડિંગોના નિર્માણને પ્રોત્સાહન આપતા ૨૭ મે, ૨૦૨૧ના રોજ નવા નિયમો જાહેર કરી અમદાવાદ, સુરત, રાજકોટ, વડોદરા અને ગાંધીનગર જેવા મોટા શહેરોમાં ગગનચુંબી ઈમારતોના વિકાસ માટે માર્ગ મોકળો કર્યો હતો. આ નિયમો અમલમાં આવ્યા બાદ અમદાવાદ, સુરત, ગાંધીનગર અને વડોદરામાં ૩૦ ગગનચુંબી ઈમારતોને મંજૂરી આપવામાં આવી છે. ફાઈનાન્શિયલ ટેક સિટી એટલે કે ગિફ્ટ સિટીમાં પહેલેથી જ બે ગગનચુંબી ઈમારતોનું કામ પૂર્ણ થઈ ચૂક્યું છે, અને અન્ય ૧૦ ઈમારતોનું બાંધકામ થઈ રહ્યું છે. ગુજરાતમાં વર્ટિકલ ડેવલપમેન્ટના કારણે નોંધપાત્ર આવક ઊભી થઈ જેમાં સ્થાનિક સંસ્થાઓને પ્રીમિયમ FSI દ્વારા આશરે રૂા.૧૦૦૦ કરોડની આવક ઊભી થઈ છે. દિવાળી પહેલાં આવા અનેક પ્રોજેક્ટ પૂર્ણ થવાની ધારણા છે, આ ઈમારતો ટેરેસ લેવલ ઉપર મિવાન ફોર્મવર્ક, શીયર વૉલ અને સ્કાયવૉક્સ જેવી અદ્યતન કન્સ્ટ્રક્શન ટેકનોલોજીનો સમાવેશ સાથે ઈલેક્ટ્રિક વ્હીકલ (EV) ચાર્જિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પણ સામેલ છે.

# જાતિની વસ્તી ગણતરીને RSSનું સમર્થન પરંતુ 'રાજકીય ઉપયોગ' સામે ચેતવણી

## RSSના પ્રવક્તા સુનિલ આંબેકરે કહ્યું કે, જાતિ અને જાતિના સંબંધો હિન્દુ સમાજમાં સંવેદનશીલ મુદ્દા છે અને રાષ્ટ્રીય એકતા માટે મહત્ત્વપૂર્ણ છે

(એજન્સી) તા.૪

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ)એ જાતિની વસ્તી ગણતરીને સમર્થન આપતા કહ્યું કે, તેને માત્ર ચૂંટણી અથવા રાજકારણ માટે નહીં, પણ ગંભીરતાથી સંભાળવું જોઈએ. આ મુદ્દે બોલતા આરએસએસના મુખ્ય પ્રવક્તા સુનીલ આંબેકરે કહ્યું કે, "આપણા હિન્દુ સમાજમાં આપણી જ્ઞાતિ અને જાતિના સંબંધોનો સંવેદનશીલ મુદ્દો છે. અલબત્ત, તે આપણી રાષ્ટ્રીય એકતા અને અખંડિતતાનો મહત્વનો મુદ્દો છે. તેને ખૂબ જ ગંભીરતાથી લેવો જોઈએ, ચૂંટણી પ્રચાર અથવા ચૂંટણી પ્રથા અથવા રાજકારણના આધારે નહીં." આંબેકરે કહ્યું, "આરએસએસનો અભિપ્રાય છે કે તમામ કલ્યાણકારી પ્રવૃત્તિઓ માટે, ખાસ કરીને જ્યારે કોઈ ચોક્કસ સમુદાય અથવા જ્ઞાતિને સંબોધવામાં આવે કે જેના ઉપર વિશેષ ધ્યાન આપવાની જરૂર હોય, ત્યારે સરકારને સંખ્યાઓની જરૂર છે." આ પ્રથા સારી રીતે સ્થાપિત છે અને ફરીથી અમલમાં મૂકી શકાય છે. કોંગ્રેસ જાતિ ગણતરીની માંગ કેમ કરી રહી છે ? કોંગ્રેસે તેના લોકસભા ચૂંટણી ઢંઢેરામાં જ્ઞાતિની વસ્તી ગણતરી અંગે અવાજ ઉઠાવ્યો છે. પાર્ટીએ જ્ઞાતિઓ અને પેટાજાતિઓ અને તેમની આર્થિક પરિસ્થિતિઓની ગણતરી કરવા માટે દેશવ્યાપી સામાજિક-આર્થિક અને જાતિ વસ્તી ગણતરી હાથ ધરવાનું વચન આપ્યું હતું. કોંગ્રેસે SC, ST અને OBC માટે અનામતની મર્યાદા ૫૦ ટકા વધારવા માટે બંધારણીય સુધારો પસાર કરવાનું વચન પણ આપ્યું હતું. લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી જાતિ ગણતરીની માંગ કરી રહ્યા છે અને દાવો કરી રહ્યા છે કે ભારતની ૯૦ ટકા વસ્તી સિસ્ટમનો ભાગ નથી. તાજેતરમાં, મીડિયા માટે એજન્સી દ્વારા હાથ ધરવામાં આવેલા 'મૂડ ઓફ ધ નેશન' (MOTN) સર્વેક્ષણમાં જાણવા મળ્યું છે કે, ૭૪ ટકા ઉત્તરદાતાઓ માને છે કે જાતિની વસ્તી ગણતરી હાથ ધરવી જોઈએ. આ ફેબ્રુઆરી ૨૦૨૪થી નોંધપાત્ર વધારો દર્શાવે છે, જ્યારે માત્ર ૫૯ ટકા લોકોએ આ વિચારને સમર્થન આપ્યું હતું. સર્વેનો ઉલ્લેખ કરતાં ગાંધીએ કહ્યું હતું કે, "હિન્દુસ્તાનનો આદેશ આવી ગયો છે - ટૂંક સમયમાં જ ૯૦ ટકા ભારતીયો જાતિ ગણતરીને સમર્થન આપશે અને માંગણી કરશે. હવે આદેશનો અમલ કરો, નહીં તો તમે આગામી વડાપ્રધાનને તે કરતા જોશો. રાહુલ ગાંધીએ ૨૦૨૪ની લોકસભા ચૂંટણીના ભાગરૂપે રાષ્ટ્રવ્યાપી જાતિ વસ્તી ગણતરી માટે દબાણ કરવાનું શરૂ કર્યું અને લોકસભામાં સુધારેલી સંખ્યા સાથે, કોંગ્રેસના નેતાએ તેના માટે દબાણ કરવાનું ચાલુ રાખ્યું.

# રાજ્યમાં નાળિયેરીનો આશરે ૪,૯૦૦ હેક્ટર વાવેતર વિસ્તાર વધ્યો

ગાંધીનગર,તા.૪

સમગ્ર વિશ્વમાં ૨ સપ્ટેમ્બરને નાળિયેર દિવસ તરીકે ઉજવવામાં આવે છે. નાળિયેરમાં રહેલા ગુણોથી લોકોને જાગૃત કરવા તેમજ રોજગાર સહિત વિવિધ ઉત્પાદનોમાં નાળિયેરના મહત્વને સમજાવવા માટે આ દિવસની ઉજવણી કરવામાં આવે છે. નાળિયેરનું સૌથી વધુ ઉત્પાદન અને તેની નિકાસ કરતા પ્રથમ હરોળના દેશોમાં ભારત મુખ્ય સ્થાન ધરાવે છે. નાળિયેરના ઉત્પાદન અને નિકાસમાં ગુજરાત મહત્તમ ફાળો આપી શકે તેમજ તેના વાવેતરથી ખેડૂતો મહત્તમ આવક મેળવી શકે તેવા આશયથી સરકાર નાળિયેરી વિકાસને પ્રોત્સાહન આપી રહી છે. કૃષિ મંત્રી રાઘવજી પટેલે જણાવ્યું હતું કે, આજે ગુજરાતમાં નાળિયેરનો વાવેતર વિસ્તાર અને ઉત્પાદન સતત વધી રહ્યા છે. છેલ્લા એક દાયકામાં જ નાળિયેરીના વાવેતર વિસ્તારમાં ૪,૯૦૦ હેક્ટરનો વધારો થયો છે. વર્ષ ૨૦૧૩-૧૪માં નાળિયેરનો વાવેતર વિસ્તાર ૨૧,૬૩૩ હેક્ટર હતો, જે વર્ષ ૨૦૨૩- ૨૪માં વધીને ૨૬,૫૬૧ હેક્ટર સુધી પહોંચ્યો છે. અત્યારે ગુજરાતમાં લીલા નાળિયેરનું (ત્રોફાનું) વાર્ષિક ઉત્પાદન ૨૩.૬૦ કરોડ યુનિટથી વધુ છે. રાજ્યના દરિયાકાંઠાના જિલ્લામાં હાલ ૪૫.૬૧ લાખ હેક્ટર જેટલો વિસ્તાર ખેતી લાયક છે, જેને ધ્યાને રાખીને દરિયાકાંઠાના જિલ્લામાં નાળીયેરીનો વાવેતર વિસ્તાર ૨૬ હજાર હેક્ટરથી વધીને ૭૦ થી ૮૦ હજાર હેક્ટર સુધી પહોંચવાની શક્યતા ધરાવે છે. હાલ નાળિયેરનું ઉત્પાદન મુખ્યત્વે ગીર-સોમનાથ, જૂનાગઢ, ભાવનગર, વલસાડ, કચ્છ, નવસારી અને દ્વારકા જિલ્લામાં થાય છે.

### રાજ્યમાં ઊંચી ફી, NEETના ઊંચા પરિણામની અસર

# વિદેશમાં અભ્યાસ કરવા જવાનો ક્રેઝ વધ્યો; ૧૦ હજાર ગુજરાતીઓ MBBS કરવા પરદેશ જશે

## રશિયા, યુક્રેન, ચીનમાં ભણવા જવા ગુજરાતી વિદ્યાર્થીઓ કરોડો ખર્ચી નાખશે




અમદાવાદ,તા.૪

છેલ્લા કેટલાક સમયથી વિદેશમાં અભ્યાસ કરવા જવાનો ટ્રેન્ડ ગુજરાતીઓમાં ચાલી રહ્યો છે, એમાં પણ ડોક્ટર બનવા દર વર્ષે રાજયમાંથી ૫,૦૦૦ વિદ્યાર્થી વિદેશની યુનિવર્સિટીઓમાં એડમિશન મેળવે છે. ગુજરાતમાંથી આ વર્ષે આ સંખ્યા ડબલ થવાની છે. મેડિકલમાં અભ્યાસ કરવા માટેનું મર્યાદિત બેઠક, ઊંચું ફી ધોરણ અને NEETનું ઊંચું પરિણામ આવતાં આ વર્ષે ૫ હજારની જગ્યાએ ૧૦ હજાર જેટલા વિદ્યાર્થીઓ વિદેશમાં MBBS કરવા જશે. એક વિદ્યાર્થિનીએ જણાવ્યું હતું કે મારે નીટમાં ૪૮૯ માર્ક્સ છે. મેં બેલારૂસમાં એડમિશન લીધું છે. મનેર ગુજરાત અને ઓલ ઈન્ડિયા ક્વોટામાં એડમિશન મળતું જ હતું. પરંતુ અહીં પાંચ વર્ષના અભ્યાસની ફી ૧ કરોડ સુધી પહોંચી જાય છે, જ્યારે વિદેશમાં ૪૦થી ૪૫ લાખ સુધીમાં અભ્યાસ પૂર્ણ થઈ જાય છે. MBBS પછી PGમાં પણ અભ્યાસ કરવો છે, પરંતુ અહીં ફી બહુ વધારે છે. અહીં લેક્ચર લેવા પણ ફેકલ્ટી આવતા નથી, જ્યારે ત્યાં અભ્યાસ સારી રીતે કરાવવામાં આવે છે, જેથી મેં MBBS માટે વિદેશમાં જવાનું પસંદ કર્યું છે. મૌલિક પટેલ નામના વિદ્યાર્થીએ જણાવ્યું હતું કે મને અહીં એડમિશન મળી શકે એમ છે, પરંતુ એડમિશન લઈએ તો ફી ખૂબ જ વધારે ભરવી પડે છે. ત્યારે વિદેશમાં અડધી ફીમાં અભ્યાસ અને રહેવાનું થઈ જાય છે. જેથી મેં વિદેશમાં MBBS માટે પ્રક્રિયા ચાલુ કરી છે. ડો. ઉમેશ ગુર્જરે જણાવ્યું હતું કે ગત વર્ષે ૫ હજાર વિદ્યાર્થી વિદેશ ગયા હતા. ગત વર્ષે ૨૮ હજાર વિદ્યાર્થીએ ફોર્મ ભર્યા હતા પરંતુ આ વર્ષે કટ ઓફ વધતાં વિદ્યાર્થીઓ વધશે. મર્યાદિત બેઠક છે, જેથી પ્રવેશ મળે એ મુશ્કેલ છે. ગત વર્ષની સરખામણીમાં ઈન્કવાયરીમાં ૮થી ૧૦ ગણો વધારો થયો છે. વિદ્યાર્થીઓએ જતાં અગાઉ NMCની ગાઈડલાઈન ફોલો કરવી. સરકારની GMERS કોલેજ અને સરકારી કોલેજ જાહેર કરવામાં આવે છે. ફી ઘટાડો, કોલેજ તથા બેઠકનું પ્રમાણ વધારવામાં આવે તો વિદ્યાર્થીઓ અહીં જ અભ્યાસ કરી શકે છે. મેડિકલમાં અભ્યાસ માટે પ્રવેશ પ્રક્રિયા શરૂ થઈ છે અને હજુ ઓક્ટોબર માસ સુધી આ પ્રક્રિયા ચાલશે. ગુજરાતમાંથી હજારો વિદ્યાર્થીઓ મેડિકલ અભ્યાસ માટે લેવાતી પ્રવેશપ્રક્રિયામાં ક્વોલિફાય થાય છે, પરંતુ ગુજરાતમાં મેડિકલની માત્ર ૬૮૦૦ જેટલી બેઠકો છે, જેના કારણે પ્રવેશથી વંચિત રહી જતા વિદ્યાર્થીઓ ડોક્ટર બનવાનાં સપનાં પૂરાં કરવા વિદેશ જાય એવી પૂરી શક્યતા છે. આ વર્ષે મેડિકલના અભ્યાસ માટે લેવાયેલી નીટનું પરિણામ ખૂબ જ ઊંચું જાહેર થયું છે, જેના કારણે મેડિકલમાં પ્રવેશ માટે મેરિટ પણ ઊંચું રહેશે. ગુજરાતમાં આ વખતે ૫૩ હજાર વિદ્યાર્થીએ નીટ ક્વોલિફાય કરી છે, જેની સામે MBBSના અભ્યાસની માત્ર ૬૮૦૦ જ સીટ છે. એક કારણ છે કે વિદ્યાર્થીઓએ ડોક્ટર બનવા વિદેશ ભણી દોટ મૂકી છે. બીજું કે આ વર્ષે GMERS દ્વારા ફીમાં તોતિંગ વધારો ઝીંકી દેવાયો છે. વિદેશમાં અભ્યાસ માટેના બીજાં કારણોની વાત કરીએ તો વિદેશમાં ભણતર સસ્તું છે. જે મેનેજમેન્ટ ક્વોટામાં પાંચ વર્ષે ડોક્ટર બનવામાં ૬૦ લાખ થાય છે એ વિદેશમાં ૩૦ લાખમાં થઈ જાય છે. એટલું જ નહિ, વિદેશમાં અભ્યાસ માટે સરકાર ૧૫ લાખની લોન આપે છે, જ્યારે અહી MBBS બનવા MYSY યોજનામાં સરકાર ૨ લાખ અને કન્યા કેળવણીમાં ૬ લાખ સરકાર આપે છે.

# ટીંબાવાડી સ્થિત ખાનગી પ્લોટમાં આવેલ ગેરકાનૂની પાર્કિંગના દબાણ પર જેસીબી ફેરવી દેવાયું






## ક્રોમા અને પેન્ટાલુન શો-રૂમનું પાર્કિંગ ગેરકાનુની રીતે ખાનગી પ્લોટ પર કબ્જો કરી બનાવવામાં આવ્યું હતું

જૂનાગઢ તા.૪

જૂનાગઢ શહેરના પોશ વિસ્તાર ગણાતા ટીંબાવાડીમાં મુખ્ય રોડ પર આવેલ ક્રોમા અને પેન્ટાલૂન શો-રૂમની સામે ખાનગી માલિકીના પ્લોટ પર ગેરકાનૂની રીતે કબ્જો કરી પાર્કિંગ બનાવી દેવામાં આવ્યું હતું. જે ગેરકાનૂની પાર્કિંગના કબ્જાને ગતરાત્રીના કોર્ટના આદેશથી પોલીસ બંદોબસ્તની હાજરીમાં મુક્ત કરવામાં આવ્યું હતું.


આ અંગેની પ્રાપ્ત વિગતો મુજબ ટીંબાવાડીમાં માલિકીના પ્લોટ પર આવેલ દબાણને કોર્ટના આદેશથી દુર કરવામાં આવ્યું છે. આ અંગે પ્લોટ માલિક નવનીત મૈયર ના વકીલ મયુર જાનીના જણાવ્યા મુજબ ખાનગી માલિકીના પ્લોટમાં ગેરકાયદેસર પાર્કિંગ કરી દેવામાં આવ્યું હતું. આ અંગેની ફરિયાદ બાદ કોર્ટ કેસ થયેલ. જેમાં કોર્ટના આદેશ મુજબ કાર્યવાહી કરી પોલીસ બંદોબસ્ત સાથે ગેરકાયદેસર કબ્જાને દુર કરવામાં આવેલ છે. ગત મધ્યરાત્રીના પોલીસ બંદોબસ્ત સાથે કાર્યવાહી કરવામાં આવી હતી.

તદ્‌ઉપરાંત ટીંબાવાડી સ્થિત આદર્શ કો-ઓ. હાઉસીંગ સોસાયટીના લીમીટેડના પ્રમુખ દ્વારા જાહેર નોટીસ પણ સ્થળ પર મારી દેવામાં આવી છે. જેમાં જણાવાયું છે કે, ટીંબાવાડીના સર્વે નં.૧૧૬ની જમીનના પ્લોટ નં.૧ થી ૧૭ની માલિકી કબ્જો ભોગવટો આદર્શ કો.ઓ.હાઉસીંગ લીમીટેડનો છે. આ જમીનમાં કોઈપણ વ્યક્તિએ પ્રવેશ કરવો નહીં તેમ છતાં કોઈ તેનો ભંગ કરશે તો તેવી વ્યક્તિને પોલીસ સ્વાધીન કરવામાં આવશે.

### ગિરનાર પર્વત વિસ્તારમાં સ્વચ્છતા અંગે થયેલી જાહેર હિતની અરજીની સુનાવણી વખતે

## ગુજરાત હાઈકોર્ટે જૂનાગઢ મનપાના કમિશ્નર અને જીપીસીબીને ખખડાવ્યા

### જૂનાગઢ મનપા પ્લાસ્ટિકના કચરાનો કેવી રીતે નિકાલ કરે છે તેનો ૨૪ કલાકમાં રિપોર્ટ તૈયાર કરવા ગુજરાત પોલ્યુશન કન્ટ્રોલ બોર્ડને હાઈકોર્ટે આદેશ કર્યો




જૂનાગઢ તા.૪

ગિરનાર પર્વત પર સ્વચ્છતા અંગે હાઈકોર્ટમાં જાહેર હિતની અરજી દાખલ થઈ હતી. જે મુદ્દે વધુ સુનાવણી ચીફ જજ સુનિતા અગ્રવાલ અને જજ પ્રણવ ત્રિવેદીની બેંચ સમક્ષ હાથ ધરાઈ હતી. જેમાં નામદાર હાઈકોર્ટે કડક વલણ અપનાવતા ફરી એક વાર જૂનાગઢ મનપા અને ગુજરાત પોલ્યુશન કન્ટ્રોલ બોર્ડને ખખડાવી નાખ્યા હતા.

નામદાર કોર્ટે જણાવ્યું હતું કે, આઈએએસ અધિકારીને અદાલતમાં જવાબ કેવી રીતે આપવો તે આવડતું નથી. જૂનાગઢ મનપાના કમિશ્નરે કચરાના નિકાલ સંદર્ભેની કોર્ટમાં રજુ કરેલી એફિડેવીટમાં તેની સમગ્ર પ્રોસેસના બદલે પોતે સાઈટ વિઝીટ કરી હોવાનું દર્શાવતા, અદાલતે જૂનાગઢ મનપાના કમિશ્નરને જવાબ રજુ કરવા માટે બે વાર તક આપવામાં આવી હતી પરંતુ કમિશ્નરને જવાબ કેવી રીતે રજુ કરવું તે આવડતું નથી. ત્યારબાદ હાઈકોર્ટે ગુજરાત પોલ્યુશન કન્ટ્રોલ બોર્ડને એવો આદેશ કર્યો કે, ૨૪ કલાકની અંદર એવો રિપોર્ટ તૈયાર કરે જેમાં જૂનાગઢ મહાનગરપાલકા પ્લાસ્ટિકના કચરાનો કેવી રીતે નિકાલ કરે છે તેનો સર્વગ્રાહી રિપોર્ટ અદાલતમાં રજુ કરવામાં આવે. આમ જૂનાગઢ મનપાના કમિશ્નર દ્વારા રજુ કરવામાં આવેલા એફિડેવીટ અંગે હાઈકોર્ટે નારાજગી દર્શાવી જીપીસીબીના અધિકારીઓને ૨૪ કલાકમાં નવો રિપોર્ટ રજુ કરવા આદેશ કર્યો છે. જૂનાગઢ શહેરમાં ગિરનાર પર્વત પર સફાઈ બાબતે ગુજરાત હાઈકોર્ટ ખુબ જ આકરૂ વલણ ધરાવે છે.

## જૂનાગઢના ગણેશનગરમાં સિલીન્ડર બ્લાસ્ટ થતા એક જ પરિવારના ૪ સભ્યો ઈજાગ્રસ્ત : બે ગંભીર

જૂનાગઢ તા.૪

શહેરના ગીરનાર દરવાજા વિસ્તારમાં આવેલા ગણેશ નગરમાં ગતરાત્રિના ગેસના બાટલાનું રેગ્યુલેટર ભુલથી ખુલ્લુ રહી ગયા બાદ લાઈટ ચાલુ કરતા રસોડામાં બ્લાસ્ટ થતા પરિવારના સભ્યો ગંભીર રીતે દાજી જતા પ્રથમ જૂનાગઢ સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડાયેલા જયાંથી વધુ સારવાર અર્થે રાજકોટ ખસેડાયાનું જાણવા મળી રહયું છે.

પ્રાપ્ત વિગતો મુજબ ગણેશનગર વિસ્તારમાં રહેતો પરિવારના સભ્યો જમવાનું પતાવી પોતાના ફળિયામાં બેઠા હતા. રસોડામાં એલ્યુમિનિયમના સેક્શન વાળા બારી દરવાજા પણ બંધ હતા. ગેસના બાટલાનું રેગ્યુલેટર ભુલથી ખુલી રહી ગયેલ બાદમાં અચાનક જ પરિવારના સભ્યોને રસોડામાં કંઈક કામ યાદ આવતા તેઓએ રસોડાનો દરવાજો ખોલી લાઈટ ઓન કરતાની સાથે જ રસોડામાં બ્લાસ્ટ થયો હતો.બ્લાસ્ટમાં પરિવારના સભ્ય કાનજીભાઈ માવજીભાઈ કટારીયા(ઉ.વ.૫૬) વિજયભાઈ કટારીયા (ઉ.વ.૩૭), મનીષાબેન વિજયભાઈ કટારીયા (ઉ.વ.૩૨), દત્ત વિજય કટારીયા (ઉ.વ.૭)વાળાઓ ગેસનો બાટલો ફાટવાથી ગંભીર રીતે દાઝ્યા હતા. બ્લાસ્ટની ઘટનાની જાણ થતાં આસપાસના લોકો તાત્કાલિક તેઓના ઘરે આવી પહોંચ્યા હતા. તેના ઘરે લોકો એકઠા થયા હતા. ત્યારે ૧૦૮ દ્વારા ચારેય સભ્યોને સારવાર માટે જુનાગઢ સિવિલ હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા. જ્યાં ડોકટર દ્વારા તમામની સારવાર શરૂ કરવામાં આવી હતી. ગંભીર રીતે દાઝેલા ૭ વર્ષના બાળક તેમજ તેના માતા-પિતાની હાલત વધુ ગંભીર થતાં તેઓને વધુ સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે.

ઘરના રસોડામાં રાખેલ ગેસના બાટલાનું રેગ્યુલેટર ભૂલથી ચાલુ રહી ગયું હતું. તેમજ રસોડાના એલ્યુમિનિયમ સેક્શન વાળા બારી દરવાજા બંધ હતા. રેગ્યુલેટર ચાલુ રહી ગયું હોવાથી ગેસ આખા રસોડામાં ફેલાઈ ગયો હતો. અને અચાનક જ રસોડાની લાઈટ ઓન કરવા જતા બ્લાસ્ટ થયો હતો. જે બ્લાસ્ટમાં રસોડામાં રાખેલી ચીજ વસ્તુઓ વેર વિખેર થઈ સળગી ઊઠી હતી. તો બીજી તરફ રસોડાની એલ્યુમિનિયમ સેક્શન વાળા બારી દરવાજાના કાચ પણ તૂટી ગયા હતા.

## જૂનાગઢ જીલ્લા પોલીસની જુગારીઓ સામે કાર્યવાહી : ૮૪ જુગારીઓ ઝડપાયા

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૪

જૂનાગઢ જીલ્લા પોલીસ દ્વારા જુગારીઓ સામે સતત કાર્યવાહી કરવામાં આવી રહી છે ત્યારે ગઈકાલે જૂનાગઢ જીલ્લાના વંથલી, મેંદરડા, માણાવદર અને માળીયા હાટીનામાં જુગારના અખાડા સહિત જાહેરમાં જુગાર રમતા ૮૪ જેટલા જુગારીઓને ઝડપી લઈ વિવિધ પોલીસ મથકોએ ધોરણસરની કાર્યવાહી કરી છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર મેંદરડા પોલીસે ભાલછેલ ગામેથી જાહેરમાં જુગાર રમતા અનુલ વનરાજ મકવાણા, અભય શામજી મકવાણા, રાહુલ બીજલભાઈ વાઘેલા, અને મહેન્દ્ર રાજુભાઈ સોલંકીને ૧૦૨૩૦ના મુદ્દામાલ સાથે ઝડપી લીધેલ જયારે ભાલછેલ ગામેથી નારણ ગીગાભાઈ પરમાર, સંજય કાળાભાઈ કંડોળીયા, મુનેશ ઉર્ફે રાજુ વલ્લભભાઈ ચૌહાણને ૧૯૬૦ના મુદ્દામાલ સાથે ઝડપી ધોરણસરની કાર્યવાહી કરી. તેવી જ રીતે વંથલી પોલીસે ખુંભડી ગામે રહેતા સુભાષ કાનાભાઈ ડવના રહેણાંક મકાને દરોડો પાડતા મકાન માલીક બહારથી માણસો બોલાવી જુગાર રમી રમાડતા મકાન માલીક સહિત અશરફ હુશેનભાઈ સીડા, હિતેષ રણછોડભાઈ ટાટમીયા, કાના રામભાઈ બાલાસરા, પુનીત મનોજભાઈ મેઘનાથી, રાજેશ રામભાઈ બાલાસરા, દેવાયત નગાભાઈ ઘોડાદરા, અજીત ખીમાભાઈ ચાવડા, જયદીપ ભીખાભાઈ ટાટમીયા, મીલન નાથાભાઈ જાદવ, નરેન્દ્ર દેવાયત ઘોડાદરા, અશ્વીન રામસુર બાલાસરા, જગદીશ ભીમાભાઈ ચાવડા, વિજય નાગદાનભાઈ ચાવડા, ધર્મેશ ભીમજીભાઈ લખતરીયા, દિવ્યેશ હીરાભાઈ ડાંગર, નિર્મળ વાલાભાઈ ચાવડા અને અનીલ કરશનભાઈ જલુને ૮૧૨૫૦ રોકડ સહિત ૧૨ મોબાઈલ મળી કુલ ૧,૪૧,૨૫૦ના મુદ્દામાલ સાથે ઝડપી લીધેલ જયારે સાંતલપુર ગામે રહેતા રાજેશ વલ્લભભાઈ સાડમીયાના રહેણાંક મકાને વંથલી પોલીસે દરોડો પાડી મકાન માલીક સહિત અશોક ભીમાભાઈ વાઘેલા, જીલુ બાબુભાઈ વાઘેલા, રવજી ભીમાભાઈ સોલંકી, રામા વલ્લભભાઈ સાડમીયા, વિક્રમ જીલુભાઈ વાઘેલા, મહેશ પરષોતમભાઈ પરમાર, અનીલ મુંજાભાઈ વાણવી અને ઈનાયત ભીખુશા સરવદીને ૨૬૨૭૦ રોકડ સહિત મોબાઈલ મળી કુલ ૪૬૭૭૦ના મુદ્દામાલ સાથે ઝડપી લઈ ધોરણસરની કાર્યવાહી કરી છે. વંથલી પોલીસે જ થાણાપીપળી ગામની સીમમાં આવેલ જમનાદાસ રવજીભાઈ હિન્સુની વાડીએ મકાનમાં ચાલતા જુગારધામ પર દરોડો પાડી મકાન માલીક સહિત રમેશ કાનજી જારસાણીયા, ભરત રવજીભાઈ જારસાણીયા, કિશોર વનાભાઈ શિયાળ, મેહુશ ભનાભાઈ શિયાળ, કેવિન કાન્તીભાઈ ડઢાણીયા, કાળુ ભીખાભાઈ મકવાણા, પ્રદીપકુમાર જમનાદાસ નૈના અને ખીમજીભાઈ અરજણભાઈ હીન્સુને રૂા.૩૬૬૧૦ રોકડ સહિત ૪ મોટર સાયકલ અને ૭ મોબાઈલ મળી કુલ ૧,૬૨,૬૧૦ના મુદ્દામાલ સાથે ઝડપી લઈ ધોરણસરની કાર્યવાહી કરી. વંથલી પોલીસે કણજા ગામે કોળીવાડા વિસ્તારમાંથી જાહેરમાં જુગાર રમતા રોહીત ચુનીભાઈ કરાણીયા, દિપક નાથાભાઈ હુણ, રાજશ કમલેશભાઈ ગળચર, અર્જુન ચુનીભાઈ કરાણીયા, જેન્તી રામજીભાઈ વાઘોરા, દિપક બીજલભાઈ માવદીયા, પોલાભાઈ ભટુભાઈ ગળચર, કારાભાઈ બાબુભાઈ કથીરયા, અજય ભીખુભાઈ ધંધણીયા, ભીખુભાઈ જસાભાઈ જંજવાડીયાને ૧૩૨૯૦ના મુદ્દામાલ સાથે ઝડપી લીધેલ જયારે નાના કાજલીયા ગામેથી સતીશ રમેશ મકવાણા, નાગજી અમુ ટાટમીયા, અશ્વીન ભિમજીભાઈ વખેચા, હિરેન સારદુરભાઈ ચાવડા, રવિ હરસુખભાઈ મકવાણા, સુનીલ સુકાભાઈ વખેચા, વિજય જેન્તીભાઈ મકવાણા, હરેશ મનસુખભાઈ ભટ્ટીને ૧૭૨૯૦ના મુદ્દામાલ સાથે જાહેરમાં જુગાર રમતા ઝડપી લઈ ધોરણસરની કાર્યવાહી કરી છે. તેમજ માણાવદર પોલીસે કતકપરા ગામેથી નાથા ભાયજીભાઈ પરમાર, સુરજ ચકુભાઈ પરમાર, રાજેશ દેવાભાઈ પરમાર, ધીરૂ બચુભાઈ પરમાર, શૈલેષ દેવાભાઈ પરમાર, ભુપત વલ્લભભાઈ પરમાર, જીકા ધીરૂભાઈ પરમાર, વજુ કેશુભાઈ બાંભણીયાને ૨૫૨૭૦ના મુદ્દામાલ સાથે જાહેરમાં જુગાર રમતા ઝડપી લીધેલ જયારે કોયાલાણા ગામેથી અરજનભાઈ પરબતભાઈ કંડોરીયા, હરેશ રામભાઈ પીઠીયા, જગદીશ ઉર્ફે જગો વજશીભાઈ સોલંકી, મહીપતસિંહ ઉર્ફે બાબો અગરસંગ ચાવડા, મહેશ મોહનભાઈ પટણી, દેવાયત પરબતભાઈ ભુવા, ગોવીંદ ખીમાણંદભાઈ મારડીયા, કાના રામભાઈ પીઠીયાને ૧૧૭૩૦ના મુદ્દામાલ સાથે ઝડપી લઈ ધોરણસરની કાર્યવાહી કરી. જયારે માળીયા હાટીના પોલીસે અવાણીયા ગામેથી જાહેરમાં જુગાર રમતા પ્રફુલ બાબુભાઈ રાઠોડ, જેન્તી ગોરધનભાઈ કાથડ, કાળા સોમાભાઈ કાથડ, ચના આલાભાઈ સોંદરવા, જીતુ રવજીભાઈ દાફડા, ભીખા પીઠાભાઈ જાદવને ૬૬૬૦ના મુદ્દામાલ સાથે ઝડપી લઈ ધોરણસરની કાર્યવાહી કરી છે.

## જૂનાગઢમાં પરીક્ષામાં નાપાસ થતા સગીરાએ ગળેફાંસો ખાઈ આપઘાત

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૪

જૂનાગઢ શહેરના ખામધ્રોળ રોડ પર રહેતી સગીરા ધો.૧૦માં ત્રણ વખત નાપાસ થતા ટેન્શનમાં આવી ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધાનું જૂનાગઢ તાલુકા પોલીસ મથકે નોંધાયું છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર જૂનાગઢ તાલુકા પોલીસ મથકે સોમાભાઈ બટુકભાઈ ભાડેલીયાએ જાહેર કરેલ કે પોતાની મૃતક પુત્રી વૈશાલીબેન(ઉ.વ.૧૭)વાળી ધો.૧૦ની પરીક્ષામાં ત્રણ વખત નાપાસ થતા ટેન્શનના કારણે પોતાના ઘરે પંખા સાથે ચુંદડી બાંધી ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધાનું જાહેર કરતા પોલીસે ધોરણસરની કાર્યવાહી કરી છે.

## બાંટવા નજીક ટ્રાવેલ્સ હડફેટે બે ભેંસોના મોત

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૪

બાંટવા-સરાડીયા રોડ પર ખાનગી ટ્રાવેલ્સ બસ ચાલકે બે ભેંસોને હડફેટે લઈ મોત નિપજાવી ૩.૫૦ લાખનું નુકશાન કર્યાની ફરીયાદ બાંટવા પોલીસ મથકે નોંધાઈ છે. આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર બાંટવા પોલીસ મથકે જીવાભાઈ મુળુભાઈ છેલાણાએ ફરીયાદમાં આરોપી તરીકે ધારા મીરા ટ્રાવેલ્સ નં.જીજે-૦૬-એવી-૫૦૦૦ના ચાલક પુજાભાઈ વીરાભાઈ સિંધલનું નામ આપી ફરીયાદમાં જણાવેલ કે, આરોપીએ પોતાના હવાલા વાળી ટ્રાવેલ્સ પુરઝડપે અને ગફલત રીતે ચલાવી ફરીયાદીની બે ભેંસોને હડફેટે લઈ બંને મોત નિપજાવી ૩,૫૦,૦૦૦નુ નુકશાન કર્યાની ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.


ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨

તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.




બીના ઈલેક્ટ્રોનિક્સ

MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.

LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ

0% ફાઈનાન્સ 0% ડોકયુમેન્ટ ચાર્જ

જે.વી. ચોટાઈ કોમ્પ્લેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.



Adani Enterprises Limited

adani

This is an advertisement for information purpose only and is not a prospectus announcement.

An opportunity to subscribe to one of India's largest listed business incubators*

Public Issue of Secured, Rated, Listed, Redeemable, Non - Convertible Debentures

Effective Yield (Annual) upto

9.90% p.a.

(60 months)^

ISSUE OPENS TODAY

ISSUE CLOSES ON: TUESDAY, SEPTEMBER 17, 2024**

Allotment on first come, first serve basis#

- Security Cover: 1.1 X
- Minimum Application: ₹10,000/- (10 NCDs) across all series (and in multiple of ₹1000/- (1 NCD each) thereafter)
- Tenor: 24, 36 & 60 months (with Quarterly, Annual or Cumulative interest payment options)
- Credit Rating: "CARE A+; Positive (Single A Plus; Outlook: Positive)" by CARE Ratings Limited
- Mode of Application in Issue: ASBA only • Subject to applicable tax deducted at source.

* In terms of market capitalization, Source: BSE / NSE for disclaimer statement please refer to page 259 of the Prospectus dated August 27, 2024.

^ For details across all Series please refer to "Issue structure" beginning on page 276 of the Prospectus dated August 27, 2024.

**DISCLAIMER OF THE ISSUER:** Adani Enterprises Limited ("**Company**"), subject to market conditions, and other considerations, is proposing a public issue of secured, rated, listed, redeemable, non-convertible debentures ("**NCDs**") and has filed the prospectus dated August 27, 2024 read with the corrigendum dated August 31, 2024 ("**Prospectus**"). This announcement does not constitute an offer to sell or solicitation of an offer or invitation to buy any securities in any jurisdiction. Investment in the NCDs involves a degree of risk. Investors should see the Prospectus filed by Adani Enterprises Limited with the Registrar of Companies, Gujarat, Dadra & Nagar Haveli at Ahmedabad, BSE Limited ("**BSE**"), National Stock Exchange of India Ltd.("**NSE**") and Securities and Exchange Board of India ("**SEBI**"), including the section titled "Risk Factors" beginning on page 16 of the Prospectus, available on the websites of SEBI at www.sebi.gov.in, BSE at www.bseindia.com, NSE at www.nseindia.com and the websites of the leader managers to the Issue, being, Trust Investment Advisors Private Limited, A. K. Capital Services Limited, Nuvama Wealth Management Limited (together, the "**Lead Managers**") at www.trustgroup.in, www.akgroup.co.in and www.nuvama.com. Investors proposing to participate in the Issue should note that investment in the NCDs involves a high degree of risk and for details in relation to the same, refer to the Prospectus, including the sections titled "Risk Factors" and "Material Developments" beginning on pages 16 and 227 respectively of the Prospectus dated August 27, 2024. The Company and the Lead Managers accept no responsibility for statements made otherwise than in the Prospectus or in the advertisement or any other material issued by or at the instance of the Company and that anyone placing reliance on any other source of information would be doing so at their own risk.

**DISCLAIMER CLAUSE OF BSE:** It is to be distinctly understood that the permission given by BSE should not in any way be deemed or construed that the Draft Offer Document has been cleared or approved by BSE nor does it certify the correctness or completeness of any of the contents of the Prospectus. The investors are advised to refer to the section titled "Other Regulatory and Statutory Disclosures" of the Prospectus on Page 259 for the full text of the disclaimer clause of the BSE.

**DISCLAIMER CLAUSE OF NSE:** It is to be distinctly understood that the permission given by NSE should not in any way be deemed or construed that the Draft Prospectus has been cleared or approved by NSE nor does it certify the correctness or completeness of any of the contents of the Draft Prospectus. The investors are advised to refer to the section titled "Other Regulatory and Statutory Disclosures" of the Prospectus on Page 259 for the full text of the "Disclaimer clause of the NSE".

**DISCLAIMER CLAUSE OF USE OF BSE ELECTRONIC PLATFORM:** It is to be distinctly understood that the permission given by the BSE to use their network and software of the Online system should not in any way be deemed or construed as compliance with various statutory requirement approved by the Exchange; nor does it any manner warrant, certify or endorse the correctness or completeness of any of the compliance with the statutory and other requirements; nor does it take any responsibility for the financial or other soundness of the Company, its promoters, its management or any scheme or project of the Company. It is also to be distinctly understood that the approval given by the Exchange is only to use the software for participating in system of making application process.

**DISCLAIMER CLAUSE OF USE OF NSE ELECTRONIC PLATFORM:** It is distinctly understood by the Issuer that the permission given by NSE to use their Infrastructure should not in any way be deemed or construed as that the compliance with various statutory and other requirements by Adani Enterprises Limited, LMs, etc. are cleared or approved by NSE; nor does it in any manner warrant, certify or endorse the correctness or completeness of any of the compliance with the statutory and other requirements nor does it take any responsibility for the financial or other soundness of the Issuer, its promoters, its management or any scheme or project of the Issuer. It is also distinctly understood that the approval given by NSE should not in any way be deemed or construed that the prospectus has been cleared or approved by NSE; nor does it in any manner warrant, certify or endorse the correctness or completeness of any of the contents of the prospectus; nor does it warrant that the securities will be listed or will continue to be listed on the Exchange.

# Allotment in the public issue of debt securities shall be made on the basis of date of upload of each application into the electronic book of the Stock Exchange in accordance with the SEBI NCS Master Circular. However from the date of over subscription and thereafter, the allotment will be made to the applicants on proportionate basis.

** Issue shall remain open for subscription on Working Days from 10:00 AM to 5:00 PM (Indian Standard Time) during the period indicated above and is subject to early closure or extension. For further details, please refer to the section titled "Issue Related Information" on page 271 of the Prospectus

For the disclaimers of CARE Ratings Limited and CareEdge Research, please refer to page 62 of the Prospectus dated August 27, 2024.
Capitalised terms not defined herein shall have the same meaning as assigned to such terms in the Prospectus dated August 27, 2024.
For detailed terms and conditions, please refer to the Prospectus.
Link to download Abridged Prospectus: https://www.adanienterprises.com/-/media/Project/Enterprises/Investors/Investor-Downloads/Others/Adani-Enterprises-Limited-Abridged-Prospectus.pdf

**Registered and Corporate Office:** Adani Corporate House, Shantigram, Near Vaishno Devi Circle, S. G. Highway, Khodiyar, Ahmedabad - 382 421, Gujarat, India. **Tel.:** +91 (79) 2555 4412; **Fax:** +91 (79) 2555 5500; www.adanienterprises.com

Please scan the QR code to view the Abridged Prospectus

Adfactors 299